વૈજ્ઞાનિક અભિગમ

આપણા સમાજમાં બે પ્રકારના લોકો જોવા મળે છે. એક, જે વિજ્ઞાન ભણેલા છે. બીજા, જેના જીવનમૂલ્યોમાંથી વૈજ્ઞાનિક અનુભવ પ્રગટ થાય છે. આવા લોકો વિજ્ઞાન ભણેલા ના પણ હોય. આમાં આપણે ક્યાં છીએ?

છેલ્લા થોડા મહિનાના સમાચારો, અનુભવો પર નજર નાખીએ તો દેખાશે કે વિજ્ઞાનની સમજમાં અને ટેક્નોલોજીના ઉપયોગ માટે આપણે કેટલા અપરિપકવ છીએ. નેશનલ સાયન્સ કોંગ્રેસમાં થયેલી વાતો (ગણપતિ તે આપણે ત્યાં હજારો વર્ષ પૂર્વે પ્લાસ્ટિક સર્જરી હોવાનું પ્રમાણ, વેદોના વખતથી આપણે ત્યાં વિમાનો હતા ...), ભૂતપ્રેત, પુનર્જન્મ અને ઈચ્છાધારી નાગીનની વાર્તાઓ પરની ટી.વી. સીરીયલો અને ફિલ્મો, દીકરો ન જણતી સ્ત્રીઓ પર થતો જુલમ, લગ્ન પહેલા થેલેસેમિયાના રિપોર્ટને બદલે ગ્રહોના આંકડા મેળવવાનો આગ્રહ, વરસાદને લાવવા માટે થતા યજ્ઞો, વિગેરે.

આજે આપણા દેશના સળગતા પ્રશ્નો ગરીબી, શિક્ષણ કે આરોગ્ય નથી પણ હિંદુત્વ, શું ખાવું ને શું ના ખાવું, કોણે શું બોલવું, લખવું તે છે. આપણે સ્માર્ટ સીટી બનાવીશું. ડિજીટલ ઈન્ડિયા બનાવીશું. આધુનિક ગેઝેટો વાપરીશું પણ એથી શું આપણો વૈજ્ઞાનિક અભિગમ કેળવાશે? સવાલ એ છે કે કોમ્પ્યુટર તમને પદ્ધતિસરનું કામ કરતા શીખવે કે તમે પદ્ધતિસર કામ કરતા હો તો કોમ્પ્યુટર મદદરૂપ થાય?

ડૉ. વિક્રમ સારાભાઈ, જવાહરલાલ નહેરુ, ડૉ. ભટનાગર વિગેરેએ આ વિષય પર જે પ્રવચનો કર્યા છે તે આપણો વૈજ્ઞાનિક અભિગમ સમજવા ઘણા ઉપયોગી થાય તેમ છે.

આ વર્ષે આપણે એક નવી લેખમાળા શરૂ કરીએ છીએ. તે આપણા સમાજના એક એવા અંધારીયા ખૂણાની વાત લઈને આવે છે જેનાથી આપણે બહુ ઓછા પરિચિત છીએ અને જે વિષયને આપણે અસ્પૃશ્ય માન્યો છે. આ વાતો આપણી 'ભદ્ર સમાજ'ની કહેવાતી વ્યવસ્થા. વ્યવહાર અને વર્તન પર પ્રશ્નચિહ્નો ઊભાં કરે છે.

આ ઉપરાંત એક વિભાગ - 'સામ્પ્રત' શરૂ કરીએ છીએ. જેમાં ક્યારેક, કોઈ એક સામ્પ્રત પ્રશ્નને ધ્યાનમાં રાખી તેને વિવિધ દૃષ્ટિકોણથી સમજવા પ્રયાસ કરીશું.



અંતમાં, આપણા પરિવારના પ્રિય લેખક મુ. માવજીભાઈ સાવલાનું ગયે મહિને અવસાન થયું. આપણા બધા વતી તેમના પુત્ર જયેશભાઈ અને પુત્રી દક્ષાબહેનને દિલસોજી પાઠવીએ.

નવા વર્ષની સૌને શુભેચ્છા.

**મુનિ દવે**





# ૧. અણુઊર્જા અને વૈજ્ઞાનિક મિજાજ

**જવાહરલાલ નહેરુ**

મને લાગે છે માનવવિકાસના એક મહાન તબક્કામાં આપણે અત્યારે છીએ. છેલ્લાં કેટલાક સો વર્ષોનો ઈતિહાસ તપાસો. દુનિયાએ ઊર્જાનો નવો સ્રોત શોધ્યો - વરાળ. તે સાથે સ્ટીમ એન્જિન અને ઔદ્યોગિક યુગ શરૂ થયો. ભારત, એની બધી ખૂબીઓ સાથે તે સ્રોત ઊભો કરી શક્યો નહિ. તે અર્થમાં તે પછાત બન્યો. આને કારણે તે ગુલામ બન્યો. વરાળ યુગ અને ઔદ્યોગિક યુગ પછી આવ્યો વીજળી યુગ, જે ધીમેધીમે વિકસ્યો અને આપણામાંના મોટા ભાગના એનાથી અજાણ હતા. એ મસમોટી નવી ઊર્જા આવી. હવે આપણી સામે છે અણુયુગ. અને તે વરાળ કે વીજળી કરતા અનેકગણી વધુ તાકાતવર છે. જ્યારે આપણે અણુઊર્જાને સમજવા પ્રયાસ કરીએ છીએ ત્યારે લોકો ઊર્જાના અન્ય એક સ્રોતની વાત કરે છે જે હજુ વધુ શક્તિમાન છે અને વિશાળ છે - તે છે કોસ્મિક રેઝ. એવું બને કે અણુ યુગ અને કોસ્મિક યુગ એકમેકમાં ભળી જાય. મારે એ મુદ્દો તમને કહેવો છે કે જો આપણે દુનિયામાં આગળ રહેવું હોય તો આ અણુઊર્જાને યુદ્ધ સિવાયના ક્ષેત્રોમાં, શાંતિમય ઉપયોગ માટે વિકસાવવી પડશે.

આજકાલ, અણુબોંબ, હાઈડ્રોજન બોંબ વિગેરે શબ્દો રહસ્ય અને સત્તા સાથે જોડાઈ ગયા છે. જેવી રીતે જૂના જમાનામાં ધર્મગુરુઓ રહસ્યથી વીંટળાયેલી વાતો કરતા. ગ્રીસ અને બીજા દેશોમાં જે આ રહસ્યોને જાણતા હતા તેનો બહુ મોટો પ્રભાવ સામાન્ય લોકો પર રહેતો, જેમને આ રહસ્યો વિષે કોઈ જાણ નહોતી. ઘણા દેશોમાં આ ધર્મગુરુઓનું રહસ્યમય પ્રવૃત્તિઓ અને વિધિ વિધાનોને કારણે વૈચારિક સ્તરે આધિપત્ય હતું. હવે આજના આધુનિક વૈજ્ઞાનિકોએ એ જૂના ધર્મગુરુઓની જગ્યા લઈ લીધી છે. તેઓ એવા જ અઘરા શબ્દો બોલ્યા કરે છે. લોકોને બીવડાવે છે અને એ દ્વારા પોતાનું મહત્ત્વ વધારે છે. તે કાંતો આપણને ચક્તિ કરી દે છે અથવા ભયમાં મૂકે છે. આ વિજ્ઞાનના રહસ્યો અને તેમનું ઉચ્ચ ગણિત, ભૌતિક જગતના ઘણા ભેદ ભરમ ખોલે છે. પણ આ બધાને અંતે આપણે સત્યથી, એ જેવું પણ હોય તેનાથી બીવાનું નથી. તમે સત્યને દબાવી ન શકો. તમે સત્યની શોધની ઉત્કંઠાને દબાવી ન શકો. પછી ભલે તે સત્યના શોધકર્તાને મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકી દે. તમે માણસના મનના વિકાસને અટકાવી ના શકો. કદાચ એ જો ખોટે રસ્તે ચડી જાય તો તેના પરિણામો ભોગવે. આથી એ ઠીક નથી કે આપણે કહી દઈએ કે 'બંધ કરો આ પ્રવૃત્તિ.' તે કહેવું

બરાબર છે કે તે પ્રવૃત્તિને યોગ્ય રીતે નિયંત્રિત કરો જેથી જગતને માટે શુભ જ થાય, અશુભ ના થાય.

આપણે તકનીકી પરિવર્તન અને પ્રગતિના યુગમાં જીવીએ છીએ - એ પ્રગતિ છે કે નહીં એ પ્રશ્ન છે, પણ પરિવર્તન તો ચોક્કસ છે. અને આ તકનીકી બદલાવની ઝડપ વધુ ને વધુ થતી રહે છે. આ ઝડપ હવે તો ગાંડપણની હદે પહોંચી ગઈ છે અને આપણા વાતાવરણમાં બધા પ્રકારના પરિવર્તનો થાય છે. જેની સાથે મેળ બેસાડવો વધુ ને વધુ અઘરો બનતા જાય છે. આપણે - દુનિયાના બધા જ લોકો આ પરિવર્તન પામતાં વાતાવરણમાં ગોઠવાવા મુશ્કેલી અનુભવી રહ્યા છીએ. આપણે ઘણી જગ્યાએ વિજ્ઞાનનાં સાધનો (ગેજેટસ્) વાપરીએ છીએ. ઘણે ભાગે આપણે ભૌતિક રીતે - અજાણપણે વાપરીએ છીએ. માનસિક રીતે આપણે આ બદલાતા વ્યવહારમાં મેળ પાડી શકતા નથી. પરિણામે, બહુ મોટું અંતર પડી જાય છે અને દુનિયામાં બધે જ અસ્વસ્થતા - કુમેળ (maladjustment) દેખાય છે.

કદાચ તમે એવો તાળો મેળવી શકો કે આ કુમેળને કારણે દુનિયાભરમાં પ્રશ્નો છે - આંતરરાષ્ટ્રીય તંગદીલી સહિતના. વિશ્વભરમાં જે તકનીકી પરિવર્તનો આવ્યા તેણે આ દુનિયાને અલગ કરી નાખી છે. આપણે એને વધુ અલગ કરી રહ્યા છીએ. આપણે આ દુનિયામાં બધાથી અલગ થઈને - અન્ય દેશોથી અલગ અને પોતાના દેશમાં પણ અલગ રહીને લાંબો વખત રહી શકીએ નહિ. આ વાતનું ભાન હજુ આપણને થયું નથી.

અહીં ભારતમાં એક અનેરું મિશ્રણ જોવા મળે છે - ઘણી બાબતોનું મિશ્રણ, સારું, ખરાબ. જ્યાં આપણી પાસે અતિ આધુનિક ટેકનોલોજી છે ત્યાં જ આપણી પાસે કામ કરવાની અતિ પ્રાચીન રીતો છે. જ્યાં અતિ બુદ્ધિશાળી મગજો નવીનતા સાથે કામ કરે છે ત્યાં જ જૂનવાણી અંધશ્રધ્ધાઓ પણ છે. અલબત્ત, બધા દેશોમાં આવું મિશ્રણ હોવાનું જ, પણ અહીં ભારતમાં તે વિશેષ રૂપે જોવા મળે છે. મને એનું કૌતુક થાય છે કે ભારત એકસાથે અનેક યુગોમાં - શતાબ્દીઓમાં જીવે છે. મને આપણા આજના યુગને છાણા-યુગ કહેવાનું પણ મન થાય છે કારણ કે આજે આપણા દેશમાં ઊર્જાનો મુખ્ય સ્રોત છાણાં જ છે. તેની સાથે આપણે અણુઊર્જાના સંદર્ભે વિકસીત દેશોની હારમાં છીએ. આજે આપણે વિજ્ઞાન અને વિજ્ઞાનની શોધોને અમલમાં મૂકીને વૃદ્ધિની દિશામાં જઈએ છીએ. તેનો અર્થ એ નથી કે આપણે આપણી જમીનમાંથી મૂળસોતા ઊખડી જઈએ. કોઈ પણ લોકો પોતાની જમીનથી ઊખડીને જીવી ના શકે. તેના મૂળિયા તો જમીનમાં રહેવા જ જોઈએ, જ્યાં તે ઊગ્યા છે, જ્યાંથી તેમને પોષણ મળે છે. તે જમીનથી છૂટા પડ્યા પછી સૂર્ય પણ તમને કામનો નથી. દરેક છોડ કે માનવજાત પોતાની જમીનમાંથી જ રસકસ મેળવે છે. પણ જમીનમાં મૂળની સાથે



સૂર્યપ્રકાશ જોઈએ, તાજી હવા જોઈએ. જો તમે તમારી જાતને ઢાંકી દેશો, જો આસપાસના દરવાજાઓ બંધ કરી દેશો તો સૂર્યનો પ્રકાશ નહીં મળે, તાજી હવા નહીં મળે અને તમે કરમાઈ જશો. આપણે આવું ઘણાં વર્ષો કર્યું.

લોકો અસ્પષ્ટતા સાથે અણુયુગની વાતો કરે છે અને છતાં તેમાં કંઈક દમ તો છે. આપણે પરિવર્તનની વચ્ચે છીએ - તકનીકી, વૈજ્ઞાનિક અને અન્ય - જે બહુ ઝડપથી જીવનનું માળખું બદલી નાખશે. એ ભાગ્યે જ સમજાય છે કે છેલ્લા સો કે વધુ વર્ષોના પરિવર્તનો કેટલા જબરદસ્ત છે. આપણે એને સહજતાથી લીધા છે અને એણે કેવડા મોટા ફેરફારો કર્યા છે એ સમજ્યા વગર એની સાથે ગોઠવાઈ ગયા છીએ. આ પરિવર્તનો સતત ચાલુ જ છે અને એ પ્રક્રિયા થંભવાની પણ નથી. જે પરિવર્તનો આપણા સમગ્ર વાતાવરણને અસર કરે, જે આપણી ઉત્પાદનની પ્રક્રિયાઓ અને તેના વિતરણને અસર કરે, જે ઊર્જાના સ્રોતોને માનવ નિયંત્રણ હેઠળ લાવે તે બહુ મોટી બાબત છે. તે તમારું જીવન બદલી નાખે છે. કાં તો તમે એની સાથે ગોઠવાઈ જઈને તેનો લાભ લો અથવા બાજુ એ ખસીને પછાત રહો. જ્યારે આવું બને ત્યારે જે મહત્ત્વનું છે તે - આપણે સજાગ રહેવું પડે અને નિષ્ક્રીય કે જડ ન રહેવાય.

લોકો ભારતમાં ઔદ્યોગિકરણની વાતો કરે છે - આપણે એ કરવું છે. તેનો અર્થ એ નહીં કે ભારતમાં કૃષિ બીનમહત્ત્વની છે. તે હંમેશા અતિ મહત્ત્વની રહેશે. તેનો અર્થ કે આપણે સૌથી વધુ ધ્યાન ગ્રામોદ્યોગને અને કુટિર ઉદ્યોગને આપવું પડશે. તે આગામી ઘણી પેઢીઓ સુધી જરૂરી છે.

ઔદ્યોગિકરણ મહત્ત્વનું છે તેમાં કોઈ શંકા નથી. મને ઘણી વાર વિચાર આવે છે કે આપણા ઘણા ઉદ્યોગપતિઓ - કારખાના અને ઉદ્યોગોના માલિકો - ઔદ્યોગિકરણને એક યાંત્રિક પ્રક્રિયા સમજે છે. જેમ કે એક તરફ પૈસા મૂકો એટલે બીજી તરફ ઉદ્યોગ બહાર આવશે, નફો પણ આવશે. તે એવું માને છે કે ઉદ્યોગને પૈસાથી ખરીદી શકાય. સારું, પૈસાનું જીવનમાં મહત્ત્વ છે. પણ મારા માનવા પ્રમાણે આપણે એને વધારે પડતું મહત્ત્વ આપી દીધું છે. આ વાત જેટલી વહેલી સમજીએ તેટલું સારું છે. તમારે કશુંક કરવા માટે પૈસા જોઈએ. પણ જો તમારી પાસે યોગ્ય માણસ, યોગ્ય કુશળતા અને યોગ્ય પ્રક્રિયા કે પદ્ધતિ નહિ હોય તો નહિ થાય. આ પણ જેટલું વહેલું સમજીએ તેટલું સારું. પૈસાથી ઉદ્યોગ ન ચાલે, તે માટે કુશળ માણસો જોઈએ. જરૂરી માનસિક અભિગમ જોઈએ. તમારે પાછા જઈને એ વિચારવું પડે કે આ ઔદ્યોગિકરણ કેવી રીતે દુનિયાને બદલશે. વિજ્ઞાનની શોધોના આ ધસમસતા પ્રવાહે દુનિયાને એક બે પેઢી બદલાતા સુધીમાં બદલી નાખી છે જે બદલાવ માટે અગાઉ કેટલાક હજાર વર્ષો લાગતાં હતાં. સો કે દોઢસો વર્ષ પહેલા વાહન વ્યવહાર કે

સંદેશાવ્યવહારમાં આ દુનિયા બરાબર એવી જ હતી, જેવી હજાર વર્ષ પહેલા કે તે પહેલા હતી. અને પછી અચાનક આ બદલાવ આવ્યો. વિજ્ઞાન મેદાનમાં આવે છે અને બધું બદલાઈ જાય છે. તે વાહનવ્યવહાર કે સંદેશા વ્યવહારની રીતોને ઊંધીચતી કરી નાખે છે. પહેલા સ્ટીમ એન્જિન, પછી મોટરકાર, પછી જેટ એન્જિન અને હવે રડાર, વાયરલેસ, ટેલિગ્રામ.

આ બધો પૈસાનો ખેલ નથી. તેને માટે વૈજ્ઞાનિક અનુભવ, સમજણ, અભિગમ અને વૈજ્ઞાનિક મિજાજ જોઈએ. જો ઔદ્યોગિકરણ જોઈતું હોય તો આપણા દેશમાં આ બધું જોઈએ. તે બહારથી ભાડે ના લેવાય. આપણે બહારની મદદ ચોક્કસ લઈએ. પણ જો આપણામાં વૈજ્ઞાનિક સમજ વિકસી નહિ હોય તો વિશ્વના શ્રેષ્ઠ વૈજ્ઞાનિકોને લાવવાથી પણ કશું નહિ થાય. આપણા કારખાનાઓ મોટા હશે પણ આપણો વિકાસ નહિ થયો હોય. આ બધી યુનિવર્સિટીઓ, પ્રયોગશાળાઓ અને વૈજ્ઞાનિક શોધસંસ્થાઓ દ્વારા મારે જે પરિણામ જોઈએ છે તે આ - ભારતમાં વૈજ્ઞાનિક અભિગમ, વૈજ્ઞાનિક મિજાજ.

હું માનતો નથી કે આપણા સારામાં સારા વૈજ્ઞાનિક પણ ખરેખર માનસિક રીતે વૈજ્ઞાનિક હશે. તે પોતાની પ્રયોગશાળામાં પૂરા વૈજ્ઞાનિક હશે. પણ જો પ્રયોગશાળાની બહાર કાઢો તો એક સામાન્ય સરેરાશ માણસ. તે નાની, સામાન્ય બાબતોમાં પણ ભૂલો કરે. આ આપણા સમયનો વાંક છે. આપણે વિશેષજ્ઞ થઈને કોઈ એક વિષયમાં ખૂબ ઊંડા ઊતરીએ છીએ અને બાકીની રોજિંદી બાબતોને નજરઅંદાજ કરીએ છીએ. આજે આપણે કેટલીક ખાસ બાબતો વિષે ખૂબ જાણીએ છીએ પણ બાકીની સામાન્ય બાબતો વિષે કશું નથી જાણતા. આપણે કેટલીક બાબતોમાં વધુ ને વધુ હોંશિયાર થતા ગયા અને તે જ વખતે બાકીની બાબતોમાં વધુ ને વધુ મૂર્ખ - સારા શબ્દોમાં ઓછા હોંશિયાર થતા ગયા છીએ.

હવે ભયંકર બળો માણસના કાબૂમાં વધારે ને વધારે આવતા જાય છે અને કમનસીબ માણસ, જે આ બળોને કાબૂમાં લે છે તે પોતાને કાબૂમાં રાખી શકતો નથી. માનવજાતનો આજે આ મહત્ત્વનો પ્રશ્ન છે કે તે પહેલા પોતાને કાબૂમાં રાખે અને પછી બીજાને કાબૂમાં રાખે અથવા બીજી બાબતો એને કાબૂમાં રાખે અને પોતે વિનાશ પામે. ખેર, મને ખબર નથી કે ભવિષ્યમાં શું થવાનું છે.

આપણા જીવનકાળ દરમ્યાન એવી ઘણી ઘટનાઓ બની છે જેની કોઈએ કલ્પના પણ નહિ કરી હોય. મને નથી લાગતું કે વિકાસના નામે જે કંઈ થયું તે બધું વખાણવા લાયક જ છે. ઘણીવાર શંકાઓ થાય છે અને છતાં એ વખાણવાલાયક હોય કે નહિ, પણ એ અનિવાર્ય બની જાય છે અને આપણે તેને યોગ્ય વળાંક આપીને વખાણવાલાયક બનાવવું પડે. (૧૯૬૦ની આસપાસના પ્રવચનોમાંથી સંકલિત)



# ૨. ભારતના વિજ્ઞાનીઓને

## ડૉ. શાંતિ સ્વરૂપ ભટનાગર

(૧૯૪૦ આસપાસના પ્રવચનોમાંથી સંકલિત - S.S. Bhatnagar On Science, Technology and Development- ૧૯૩૮-૧૯૫૪, ડૉ. ભટનાગર ૧૯૪૦માં રચાયેલા BSIR ના અને ત્યારબાદ ૧૯૪૨માં રચાયેલા નવા નામના CSIR - Council of Scicence and Industrial Research ના ૧૯૫૫ - તેમના અવસાન સુધી ડિરેક્ટર હતા.)

દરેક મહાન વૈજ્ઞાનિક ખોજ ત્રણ તબક્કાઓમાંથી પસાર થાય છે. એક, લોકો કહેશે કે આવું આપણા ધર્મ પુસ્તકમાં નથી કહ્યું. બે, લોકો કહેશે કે આવી શોધ તો ઘણા વખત પહેલા થઈ ગઈ છે. ત્રણ, લોકો કહેશે કે અમે તો આ હંમેશા માનતા આવ્યા છીએ. દરેક સમયે વિજ્ઞાનને અવનવા અનુભવો થતા રહ્યા છે. આજના સમયમાં જે અનુભવ વિજ્ઞાન કરે છે તે એ કે બહુ ઝડપથી એ માન્યતા ફેલાઈ રહી છે કે ટેકનોલોજીએ જે શક્તિ માનવને આપી છે તે સમસ્ત માનવજાતનું નિકંદન કાઢી નાખશે. આ અનુભવનું મૂળ છે પહેલા વિશ્વયુદ્ધ વખતે ઉપયોગમાં લેવાયેલા શસ્ત્રો અને પોતાને જરાપણ ઈજા ના થાય તેવી રીતે દુશ્મનોનો ખાત્મો બોલાવવાની અવનવી રીતો. આ પહેલા લોકોએ આવા શસ્ત્રો કે જથ્થાબંધ માણસોને મારવાની આવી રીતો જાણી નહોતી. આ વિજ્ઞાનની દેણ હતી. યુદ્ધના વીસેક વર્ષો બાદ વિજ્ઞાનના નામ પરનો આ ડાઘ થોડો ભૂંસાયો ત્યાં જર્મનીમાં યહુદી વૈજ્ઞાનિકો પરના અત્યાચારની વાતો આવી જેણે વિજ્ઞાનની છાપ - જ્ઞાન અને સત્યની ખોજ - પર પ્રશ્નાર્થ મૂક્યો. લોકોને એ દેખાયું કે વિજ્ઞાન આધુનિક સભ્યતાની નૈતિક બાજુનો વિકાસ નથી કરી શક્યું. એવું લાગે છે જાણે વિજ્ઞાનની શોધો ઘર્ષણ ઘટાડવાને બદલે યાતનાઓ વધારીને યુદ્ધને લાંબું ખેંચે છે. જો વિજ્ઞાનની આવી શોધોની હારમાળા તેની પૂરી તાકાત સાથે ચાલુ રહેશે તો એવું લાગે છે કે વિજેતા પાસે આધુનિક માનવસભ્યતાની સારી કહેવાતી એક પણ બાજુ નહિ બચી હોય.

આધુનિક વિજ્ઞાનની નીપજ એવી આજના વિશ્વની સભ્યતાના વહીવટદારોએ વૈજ્ઞાનિક રીતોની સમજ કેળવવી જોઈએ. વૈજ્ઞાનિક રીતે ઉત્પાદિત પેદાશોની વહેંચણી પણ વૈજ્ઞાનિક ઢબે કરવી પડશે. ઉપરના પ્રશ્નોમાં એક વાત સમજવા જેવી એ છે કે આ દુઃખોનું મૂળ વિજ્ઞાનમાં નહીં પણ રાજકારણીઓની નિયંત્રણની પદ્ધતિમાં, સરખામણીએ નૈતિકતા અને સામાજિકતાના ઓછા વિકાસમાં અને ટેકનોલોજી બાબતે અગ્રેસર દેશોની નબળી યાદશક્તિમાં છે. વિજ્ઞાને અનેક વખત કોઈ ખાસ પ્રદેશના સંદર્ભે નહીં પણ વૈશ્વિક સંદર્ભે જ વાતો કરી છે. આ બધુ છતાં ડહાપણવાળા રાજકીય વિચારકો અને વૈજ્ઞાનિકોને હજુ અન્ય લોકો કરતા વધારે આશા છે. વૈજ્ઞાનિકોના આ

આશાવાદનો આધાર તેમની એ આવડત પર છે કે તે એવી વસ્તુઓ બનાવશે જેના અભાવને કારણે યુદ્ધો થાય છે અને આથી એમને વિશ્વાસ છે કે આજની આ ધમાચકડી વધારે સારી અને નવી સભ્યતાના જન્મની પીડાને કારણે છે.

સામાન્ય લોકોનો વિજ્ઞાનમાં રસ તો જ જાગે જો આપણા વૈજ્ઞાનિકો તેમના ડહાપણના સ્વર્ગમાંથી નીચે ઊતરીને સામાન્ય લોકોની ધરતી પર પગ માંડે. મારે એ કબૂલ કરવું પડે છે કે ભલે આપણી પાસે એવા વૈજ્ઞાનિકો છે જે થોડા કલાકોમાં અઘરા ગાણિતિક પ્રશ્નોનો ઉકેલ શોધી આપે, જેના માટે અન્યને દિવસો લાગે. પણ એવા બહુ ઓછા છે જે એવા કામો કરે છે જેને કારણે સામાન્ય લોકોમાં વિજ્ઞાન પ્રત્યે આકર્ષણ થાય. હું જ્યારે નાનો હતો ત્યારે મારા કાકાને ઘેર રહેતો હતો. એ રેલ્વેમાં કામ કરતા હતા. મારામાં વિજ્ઞાન પ્રત્યેનું આકર્ષણ જાગ્યું ત્યાં સતત આવજા કરતાં સ્ટીમ એન્જિનને કારણે. મારી મા, બહેનો, પાડોશીઓ વિજ્ઞાન વિષે ભણેલા માણસો પાસેથી નહોતા જાણતા, પણ ભારે વજન લઈને ઝડપથી દોડતા એ એન્જિનને કારણે.

આપણા વિજ્ઞાનના ડાહ્યા માણસોની વાતોએ કે તેમના લેખોએ નહીં પણ રેડિયો, ટેલિફોન, ટેલિગ્રાફ, રેલ્વે એન્જિન, મોટરકાર જેવી વિજ્ઞાનની અદ્ભુત શોધોએ સામાન્ય માણસોમાં વિજ્ઞાન પ્રત્યે રસ જગાવ્યો છે. આપણા વિશ્વવિદ્યાલયોમાં પ્રાયોગિક (applied) વિજ્ઞાનની અવગણના થઈ છે. માત્ર છેલ્લા થોડાક વર્ષોમાં તેને જરૂરી મહત્ત્વ અપાયું છે. પરિણામે ભલે આપણી પાસે ઘણા મહાન વિજ્ઞાનીઓ હોય પણ બહુ ઓછી પ્રક્રિયાઓને ભારતીયોના નામો અપાયા છે. બહુ ઓછા મશીનોની શોધ આપણા નામે છે. રોજબરોજના ઉપયોગી બહુ ઓછા સાધનોનું ઉત્પાદન આપણે કરીએ છીએ. આથી જ સામાન્ય માણસ આપણને તત્ત્વચિંતક કે આરામખુરશીમાં બેસીને સ્વપ્નો જોનાર કહે છે. જો તમારે લોકોની સેવા કરવી હશે તો તેની રોજબરોજની યાતના ઓછી કરે તેવા વૈજ્ઞાનિક સાધનો બનાવવા પડશે. તેનાથી તેને વધારે સારા ઘરો, વધારે સારો ખોરાક અને વધારે સારું જીવનધોરણ મળવું જોઈએ. તે પછી રાજકારણીઓ એવું કહી શકશે કે આ જવાબદારી માત્ર તેમની જ ન રહેતા વિજ્ઞાનીઓએ પણ તેમને સાથ આપ્યો છે.

ભારતમાં ટેક્સટાઈલ્સ અને સુગર ઈન્ડસ્ટ્રીઝનો સારો વિકાસ એ બતાવે છે કે જો યોગ્ય સગવડતાઓ દેવામાં આવે તો ભારતીયો પોતાના ધંધાને બુદ્ધિપૂર્વક અને કાર્યદક્ષતાથી ચલાવવા સક્ષમ છે. તેવું ઈલેક્ટ્રીકલ અને વુલન, અને એવી બીજી ઘણી ઈન્ડસ્ટ્રીઝ છે. ઉદ્યોગપતિઓએ એ સમજવું જોઈએ કે તમારી સફળતાનું રહસ્ય સંસાધનોનો કરકસરયુક્ત ઉપયોગ છે અને તે આધુનિક પદ્ધતિઓ અને વિજ્ઞાનના નવા જ્ઞાનથી પામી શકાય.

એક ઉદ્યોગપતિ પોતાના ઉદ્યોગની શરૂઆતની સફળતાનો અહંકાર કરે છે



અને એથી સહજપણે પરંપરાનો ગુલામ બની જાય છે અને વિજ્ઞાનના નવા આવિષ્કારોને 'માત્ર સિદ્ધાંત' ગણીને તુચ્છકારતો થઈ જાય છે. આનું ઉદાહરણ તમને વિશ્વયુદ્ધ પહેલાના ઈંગ્લેન્ડના ઈતિહાસમાં મળશે. ત્યાં બહુ ઓછા ઉદ્યોગપતિઓ વૈજ્ઞાનિક શોધ સંબંધે રસ ધરાવતા. આને કારણે મહદ્ અંશે બ્રિટિશ ઈન્ડસ્ટ્રીઝ એક સાંકડા ખાંચામાં ગોઠવાઈ ગઈ અને સમયની માંગ સામે પોતાની પ્રોડક્ટસ્ આપવા બેદરકાર બની ગઈ. પરિણામે, જર્મન પ્રોડક્ટસે બ્રિટિશ પ્રોડક્ટસ્‌ને બજારની બહાર ધકેલી મૂકી. બેશક, જર્મનોની આ સફળતાનું કારણ એ હતું કે તેમના ઉદ્યોગો અને સરકારે તે જાણી લીધું કે ઉદ્યોગ અને વિજ્ઞાનના માણસો વચ્ચે સક્રિય સંબંધ બાંધવો પડશે. આને કારણે ઘણી નવી પ્રોડક્ટસ્ બજારમાં આવી અને વૈજ્ઞાનિક રીતે તાલીમ પામેલા લોકોને વધારે સંખ્યામાં ઉદ્યોગોમાં નોકરી મળવા માંડી.

આજે આપણા કેટલાક ઉદ્યોગગૃહો, ટાટા, બિરલા, લાલા શ્રીરામ, વિગેરેમાં જાગૃતિ છે પણ અન્ય ઉદ્યોગોનું શું? આજની વૈશ્વિક પરિસ્થિતિ જોતા અને બેરોજગારીનો અતિ ઊંચો આંક જોતા તેની સાથે મેળ ખાતો નથી. તેમાંય જ્યારે દુષ્કાળ આવે ત્યારે કેટલાય ખેતમજૂરો બેકાર થઈ જાય છે. જે ઉદ્યોગો આજે ધમધોકાર ચાલે છે તે પણ જોખમની બહાર નથી. દા.ત. ખાંડ ઉદ્યોગ. તે બહુ સરસ ચાલે છે પણ કેટલાએ તેમની મોલાસીસ જેવી આડપેદાશ વિષે વિચાર્યું છે? કેટલા ઉદ્યોગપતિઓ આ મોલાસીસનો ઉપયોગ કરવા આગળ આવ્યા? જે નફો ખાંડ ઉદ્યોગ આજે મેળવે છે તે કાલે કદાચ ના મળે. હરિફાઈમાં ટકવા માટે તેમણે પોતાના સંબંધિત ઉદ્યોગો ચાલુ કરવા પડશે. આ માટે તેણે પોતાના નફાનો કેટલોક ભાગ નવી શોધમાં, વિકાસમાં વાપરવો પડશે.

દેશમાં ઝડપી ઔદ્યોગિકરણ ન થવાના ઘણા કારણો છે. તેમાં મુખ્યત્વે તો મૂડીદારોની પૈસા બનાવવાની માનસિકતા જવાબદાર છે. શુધ્ધવિજ્ઞાનમાં શોધ કરનાર ભારતમાં પહેલા પણ હતા અને આજે પણ છે. તેની શોધનો કોઈ ઉપયોગ ઉદ્યોગમાં કે લોકોના રોજબરોજના જીવનમાં થાય છે કે નહીં તેની ચિંતા તે કરતા નથી. પણ જો આ રીતે શોધને બાજુએ મૂક્યા કરીશું તો નુકસાન તો વિજ્ઞાનને જ થવાનું છે. યુનિવર્સિટીઓ અને કોલેજોમાં માત્ર સૈદ્ધાંતિક વિજ્ઞાનનું જ્ઞાન જ આપવામાં આવે તેવું આયોજન થયું છે. આથી જ આપણા ઉદ્યોગોને આ સ્નાતકો ટેકનિકલ કામો માટે અયોગ્ય લાગે તે વ્યાજબી છે. હવે આપણને સમજવા માંડ્યું છે કે વિજ્ઞાનને સમજવા માટે સૈદ્ધાંતિક જ્ઞાન જરૂરી છે પણ ઉદ્યોગોના પ્રશ્નોને હલ કરવા પ્રાયોગિક જ્ઞાન પણ એટલું જ જરૂરી છે. જો કે પરિસ્થિતિ હવે ઝડપથી બદલાતી જાય છે. પંજાબ યુનિવર્સિટીએ લાહોરમાં ટેકનિકલ કેમેસ્ટ્રીમાં એની પહેલ કરી છે. તેને પગલે હવે કલકત્તા, નાગપુર, મુંબઈ, બનારસમાં ઉદ્યોગોને મદદરૂપ થવા આવી સગવડતાઓ

ઊભી થઈ છે. ભારતીય યુનિવર્સિટીઓએ હજુ ઘણા કામો કરવાના બાકી છે. અભ્યાસક્રમોમાં બદલાવ માત્ર યુનિવર્સિટી સ્તરે જ નહીં, પણ નિશાળના સ્તરે પણ જરૂરી બન્યો છે.

વિજ્ઞાનનું શિક્ષણ આજ સુધી હતું તે કરતાં હવે ઘણું બદલવું પડશે. પહેલાનું વિજ્ઞાન શિક્ષણ એ આશય સાથેનું હતું કે બહુ બધા લોકોને સ્વાસ્થ્ય, ઉદ્યોગ તથા એન્જિનિયરીંગમાં રોજબરોજના પરીક્ષણના કાર્યો માટે તૈયાર કરવા. આઝાદ ભારતમાં વિજ્ઞાન શિક્ષણના બે મહત્ત્વના કાર્યો છે. એક, ભારતની વૈજ્ઞાનિક પ્રતિભાનો તેની પૂરી ક્ષમતા સાથે વિકાસ કરવો અને બીજું, ભારતના સંસાધનો વધારવા જેથી ભારતના જનસમુદાયનું જીવન ધોરણ ઊંચુ લાવી શકાય.

મહેનત, માત્ર મહેનત જ છે, જે માણસ મૂલ્યના બદલામાં આપી શકે. મહેનત જ તાવીજ છે જે માણસને તેના અવિકસિતપણામાંથી બહાર લાવી શકે, જે રણ અને જંગલને ઉપજાઉ ખેતરમાં ફેરવી શકે, જે જમીન પર મકાનો બનાવી શકે, સમુદ્રોમાં વહાણો ચલાવી શકે. મહેનતે જ આપણને દુઃખો અને જંગલીપણાને બદલે પુષ્કળ સગવડતાઓ અને સભ્યતા આપ્યા છે.

આપણે મહેનતને તેનું યોગ્ય સન્માન આપવું પડશે.

## ૩. માનવીય મૂલ્યો અને વિજ્ઞાનમાં નેતૃત્વ

### ડૉ. વિક્રમ સારાભાઈ

(ઓલ ઈન્ડિયા રેડિયો પર ઓગસ્ટ ૧૯૬૫માં આ પ્રવચનનું પ્રસારણ થયું.)

રાષ્ટ્રનો વિકાસ તેના લોકોની વિજ્ઞાન અને ટેકનોલોજી વિષેની સમજણ અને તેને અમલમાં મૂકવા સાથે બહુ સ્પષ્ટપણે ગાઢ રીતે સંકળાયેલો છે. ક્યારેક એવી દલીલ થાય છે કે ટેકનોલોજીના ઉપયોગ માત્રથી વૃદ્ધિને વેગ મળે છે. એક અમૂર્ત સિદ્ધાંત તરીકે આ વાત સાચી હશે પણ કાર્યમાં નિષ્ફળ જાય છે. મધ્ય પૂર્વના દેશોને જુઓ. ત્યાં દશકાઓથી અત્યંત આધુનિક ટેકનોલોજી દ્વારા તેલ કાઢીને વિકાસ થયો છે તેનું સામાજિક માળખું કેવું છે? ઈતિહાસે એ બતાવ્યું છે કે ટેકનોલોજીના સાચા સામાજિક અને આર્થિક ફાળો તેને મળે છે જે ટેકનોલોજીનો સમજપૂર્વક ઉપયોગ કરે છે. આથી જ દરેક વિકાસશીલ રાષ્ટ્રના ગણનાપાત્ર લોકોએ આધુનિક વિજ્ઞાનના ઉપયોગો અને તેમાંથી નીકળતી ટેકનોલોજીને સમજવી જ પડે.

કોઈ ગમે તે ક્ષેત્રમાં વ્યસ્ત હોય, તે બાયોલોજી હોય, જિનેટિક્સ હોય કે એટોમિક સાયન્સ હોય, તેણે વિજ્ઞાનની સરહદોને તપાસીને મૂળભૂત ધારણાઓને



પડકારવાની આવડતને વિકસાવવી પડે. આપણી આસપાસના પ્રશ્નોને સંભાળવા માટે આ જ આવડત અસરકારક સાબિત થાય છે, નહિ કે ‘લાગે તો તીર નહિ તો તુક્કો.’ આ પરથી એ ફલિત થાય કે રાષ્ટ્રોએ પોતાના લોકોને રાષ્ટ્રના હાથવગા સંસાધનોની મદદ વડે પ્રથમ હરોળના પ્રશ્નો વિષયક રિસર્ચમાં લગાવવા પડે. તે સાથે એ પણ એટલું જ જરૂરી છે કે આવા તૈયાર થયેલા લોકોને રાષ્ટ્રના વાસ્તવિક પ્રશ્નો માટે કાર્ય સંબંધિત પ્રકલ્પોમાં જોડવા પડે.

મને એવું સમજાયું છે કે માણસ બધાથી અલગ થઈને નથી જીવી શકતો. તે જે કંઈ કાર્ય કરે છે તેની અસર બહારના જગતને થાય જ છે અને તેણે એ જાણવું પડે કે બહારનું જગત તેના કાર્યનો પ્રત્યાઘાત કેવી રીતે આપશે. બીજા શબ્દોમાં, તેણે પોતાનું નાનામાં નાનું કાર્ય કરતા પહેલા એ પ્રત્યાઘાતનો અંદાજ મેળવવો પડે. જો તેણે રસ્તો ઓળંગવો હોય તો તેને મોટરચાલક પર એ ભરોસો હોવો જોઈએ કે તેને વાહન ચલાવવાના નિયમોની જાણ છે.

માણસ જે સામાજિક અને ભૌતિક વાતાવરણમાં જીવે છે તેની વિષદ સમજણ હોવી તે મારે માટે આજની માનવજાત સામેનું તાકીદનું કાર્ય છે. જ્યારે આપણે એ વિષે વિચાર કરીએ છીએ ત્યારે એ સમજાય છે કે જે વાતાવરણમાં માણસ કામ કરે છે તે વાતાવરણ વિષેની આંતરસૂઝ ના હોય તે બાબતે માણસને માટે દરેક સમયે પ્રશ્નો ઊભા કર્યા છે. જે ધાર્મિક માણસને ધર્મમાંથી આશ્વાસન મળે છે, તેને જેમ વહેમ અને અંધશ્રધ્ધાએ જકડી રાખ્યો છે તેવી જ રીતે ઘણા લોકોને ટેકનોલોજી પ્રત્યેના પક્ષપાતને કારણે તેને અપનાવવાથી મળતા લાભો વિજ્ઞાનને સમજ્યા વગર લીધે રાખવા છે. જેમ હાથચાલાકી જાદુનું સ્થાન લઈ લે તેમ આપણે સામાજિક-આર્થિક માળખા વિષેની જાગૃતિમાં કોઈ જરૂરી ફેરફારો નથી કર્યા. ઉલ્ટાની આજે એ જાગૃતિ વિકસાવવાની નિષ્ફળતાની અસરો વિશ્વની સલામતી માટે પહેલા કરતા વધારે ગંભીર બની ગઈ છે. અલબત્ત, વિજ્ઞાન વિષેની સમજણને ઉત્તેજન આપવાનો પ્રશ્ન, મૂળમાં તો શિક્ષણનો પ્રશ્ન છે અને તે જનસંખ્યાના વિસ્ફોટના સંદર્ભે વધારે અઘરો બની ગયો છે. ટેકનોલોજી અપનાવી લેવા માત્રથી તેના વિષેની સમજણ ઊભી થતી નથી. મારે દુઃખ સાથે તે સાર કાઢવો પડે છે કે આ પ્રશ્નને કોઈ સમાજે અસરકારક રીતે હલ કર્યો નથી.

મને લાગે છે કે વિજ્ઞાનમાં નેતાગીરી લેવા માટે નીચેની બાબતો પ્રાપ્ત કરવી પડે.

- એક, સર્જનાત્મકતા વિકસાવવા અને પ્રશ્નના મૂળ સુધી પહોંચાડવાનો રસ જગાડવા હાલ પૂરતો પ્રાયોગિક - અખતરા કરવાનો રસ્તો બાજુએ મૂકો.
- બીજું, મોટા સ્તર પરનો અનુભવ આપો. જેનાથી લોકો પોતાના વાતાવરણને સમજીને અવરોધોને અનુરૂપ મૂલ્યો અને નૈતિક માપદંડો ઊભા કરી શકે.

- ત્રીજું, વિજ્ઞાન અને વિજ્ઞાનીઓને સમાજના વાસ્તવિક પ્રશ્નોના ઉકેલ માટે કામે લગાવો. જેવા કે, અર્થવ્યવસ્થાનું ઘડતર, ઈચ્છિત સામાજિક વાતાવરણનું નિર્માણ અને રાષ્ટ્રીય નીતિ, સલામતી અને સ્વરક્ષણ જેવા પ્રશ્નો.

જ્યારે આપણે રાષ્ટ્રના વાસ્તવિક કાર્યોમાં વિજ્ઞાનનો ઉપયોગ કરીએ છીએ ત્યારે આપણને હુકમ કરે તેવો નહિ પણ આદાન-પ્રદાન કરે તેનો નેતા જોઈએ છે જે સૌથી વધુ અસરકારક હોય. તે પોતાની જાતને બીજાના કાર્યો સાથે જોડશે, આપશે અને સાથે લેશે પણ ખરો.

સમાજના ખરા પ્રશ્નોના ઉકેલ માટે વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોને ઉપયોગમાં લેવા માટેની પરિસ્થિતિ નિર્માણ કરવા આપણે વૈજ્ઞાનિકોને તેમના વિશેષ ક્ષેત્રની બહારના ક્ષેત્રોમાં કામ કરવા ઉત્સાહિત કરવા પડશે. જે તે વૈજ્ઞાનિક પોતાના વિશેષ ક્ષેત્ર ઉપરાંત કોઈ ખાસ કામમાં સહકાર આપી શકે. દરેક વ્યક્તિના દરવાજે એવી અસંખ્ય જગ્યાઓ છે. તે શિક્ષણના અભ્યાસક્રમ અને શિક્ષણ આપવાની રીત હોઈ શકે, સ્થાનિક ઉદ્યોગ સ્થાપવાનું કામ હોઈ શકે કે ખેતરની ઉત્પાદક્તા હોઈ શકે, સ્થાનિક અને રાજ્યની યોજના હોઈ શકે, વસ્તી નિયંત્રણના કાર્યક્રમો કે સમાજના વિકાસના કામો હોઈ શકે.

ઉદાહરણ તરીકે, બે વર્ષ પહેલા અમદાવાદમાં એક સમૂહ એકઠો થયો જેને વિજ્ઞાનના શિક્ષણમાં સુધારા માટે રસ હતો. તેમાં શાળાના, કોલેજના અને શોધસંસ્થાના શિક્ષકો અને કેટલાક વિદ્યાર્થીઓ જોડાયા. આ તેમનો અંગત ઉત્સાહ છે કે શિક્ષણમાં કંઈક નવું કરવું. તેઓ પ્રશ્નો ઉઠાવવા, નવીનતા લાવવા અને પોતાના અનુભવોની આપ-લે કરવા તૈયાર છે. તેઓ જ્યાં પણ કામ કરે છે ત્યાં દરેક સ્તરે જે નેતાગીરીની આપણે વાત કરીએ છીએ તેવી નેતાગીરી પૂરી પાડે છે.

આપણે એવું નક્કી કરી શકીએ કે કોઈ ચોક્કસ કામ, એના સ્પષ્ટ ઉદ્દેશ સાથે, ચોક્કસ સમય મર્યાદામાં પૂરા થાય તેને યોગ્ય આર્થિક વળતર મળે, જે સમગ્ર પરિસ્થિતિ સુધારવામાં મદદરૂપ થાય. આવા વિકાસના વાતાવરણમાં પછી વિજ્ઞાનમાં નેતૃત્વ ખીલી શકે.

વૈજ્ઞાનિક રીતો અને વિજ્ઞાનની અસરો વિષે લોકોમાં, ખાસ તો ભદ્ર, શિક્ષિત લોકોમાં જાગૃતિ લાવવાની જરૂર છે. આવા લોકોમાં હું સામેલ કરું છું, સરકાર અને પાર્લામેન્ટમાં રહેલા રાજકારણીઓ અને રાજકીય દળો, સરકારી અફસરો અને વહીવટદારો, ઉદ્યોગપતિઓ અને વેપારીઓ, બેંકરો, ટેકનિશિયનો અને મેનેજરો, ધંધાદારી સૈનિકો અને વિજ્ઞાનીઓ પોતે. આપણે એ સમજવું પડશે કે આ કેમ કરવું.



# સંવાદ

## ૧. શિક્ષણમાં જરૂરી બદલાવ

**વીરેન્દ્ર બી. શાહ**

નવેમ્બર ૨૦૧૫ના અંકમાં ''કાંકરીચાળો'' શિર્ષક હેઠળ સામાન્ય જનજીવનમાં વૈજ્ઞાનિક અભિગમનો અભાવ વ્યક્ત થયો. પરિણામે કોઈ પણ પ્રશ્નની સર્વાંગી સમજ કેળવી મૂળ સુધી જઈ ઉકેલ શોધવામાં, ટેકનોલોજીનો સંયમપૂર્વક ઉપયોગ કરવામાં ઊંડી ઊણપ અને આધ્યાત્મિક વારસાની આંધળી ભક્તિ જોવામાં આવે છે.

૧. આ માટે મુખ્યત્વે આપણું શિક્ષણ જવાબદાર ગણાય. શિક્ષણને બે ભાગમાં વહેંચી શકાય.

(અ) પહેલો ભાગ પાઠ્યપુસ્તક/અભ્યાસક્રમ આધારિત વ્યવહારૂ શિક્ષણ જે મુખ્યત્વે ''આર્થિક ઉપાર્જન''નું સાધન બની ગયું છે અને ''માણસાઈની કેળવણી'' બાજુ પર રહી ગઈ હોય તેવું જણાય છે.

(બ) બીજો ભાગ તે કોઈ પણ ''દર્શન'' કે ''ધર્મ'' આધારિત ''આધ્યાત્મિક શિક્ષણ'', સામાન્ય માનવીની પોતાની જીવનશૈલી મહદ્ અંશે જન્મોદીત ધર્મ કે દર્શનમાંથી મેળવેલ બોધપાઠ આધારિત હોય છે. જેમાં સાધુ-સંત સમાજ ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. આ બોધપાઠમાં ''તત્ત્વ''ને બદલે ''ક્રિયા-વિધી'' તરફ વધારે ઝોક જણાય છે. પરિણામે કોઈ પણ ક્રિયા યંત્રવત્ ક્રિયાકાંડ બની જાય છે.

૨. ''અનુબંધ દર્શન'' કે જેમાં જીવનની પ્રક્રિયાઓનું સામાજિક પરિબળો, પ્રાકૃતિક પરિબળો અને શ્રમ સાથેનું જોડાણ છે. તેનો જો ઉપરોક્ત શિક્ષણમાં સમાવેશ કરવામાં આવે તો તે એક ઉત્તમ શિક્ષણ બની જાય. જ્યારે શિક્ષણનો સામાજિક અને પ્રાકૃતિક પરિબળો સાથે અનુબંધ થાય ત્યારે શિક્ષણનું સ્વરૂપ જ ફરી જાય છે. શિક્ષણનો હેતુ સાર્થક થાય છે અને માનવીનો સર્વાંગી વિકાસ થાય. (''માણસાઈની કેળવણી'' - લે. મનસુખભાઈ સલ્લા)

૩. ''અનુબંધ દર્શન'' પર મુનિ સંતબાલજીએ વિશેષ અધ્યયન કર્યું છે. ''વિપશ્યના'' પદ્ધતિ (જે અનુભવ આધારિત છે)ની પ્રાથમિક સમજણ આ માટે માર્ગ મોકળો કરી આપે છે.

ઉપર મુજબના શિક્ષણનું પરીણામ : સામાજિક ઢાંચો અનુકૂળ થાય, વિચાર શૂન્યતા દૂર થાય. આપણી અને અન્ય સંસ્કૃતિ વિષેની ગેરસમજો દૂર થાય, સંપત્તિ પાછળની આંધળી દોડ ઘટે અને ટેકનોલોજીને પચાવી ''માહિતી''ના અતિરેકને 'જ્ઞાન'માં ફેરબદલ કરી શકાય.

# ૨. વૈજ્ઞાનિક અભિગમ એટલે ...

## મુનિ દવે

મારા મતે વૈજ્ઞાનિક અભિગમ એટલે ભગવાનનો, શ્રધ્ધાનો વિરોધ નહીં પણ પૂજા, બિનજરૂરી લાકડાં અને ઘીનો યજ્ઞને નામે બગાડ, શિવલીંગ કે હનુમાનજીને દૂધ અને તેલના અભિષેકનો વિરોધ. ઘણાં ધાર્મિક લોકોને કૃષ્ણના સદ્ગુણોનું ચિંતન કરવા કરતા કૃષ્ણલીલામાં વધારે રસ પડે છે. ધાર્મિક કહેવાતા લોકો ગીતાને પવિત્ર ગ્રંથ ગણે છે પણ અંગત જીવનમાં કર્મમાં ધ્યાન રાખવા કરતા તેના ફળમાં જ વધારે રસ હોય છે. એટલે જ ગાંધીજીની સાધનશુદ્ધિની વાત તેમને બિનજરૂરી ચોખલીયાવેડા લાગે છે. તેમને મન તો 'રણમાં જીતે તે શૂર.' ક્યા દાવપેચથી જીત્યો તે મહત્ત્વનું નથી. આપણે દરેક પ્રકારના ખોટા રસ્તે ચાલીને ઉદ્યોગપતિ, રાજકારણી કે સાધુ-સંત બનેલા લોકોને આપણા હીરો બનાવીએ છીએ. તેઓ આપણા માટે આદર્શ છે છતાં વાત તો ધર્મની, સદાચારની જ કરીએ છીએ.

મેં ૧૦૦ કરોડનું ટર્નઓવર કરતી કંપનીઓના ડિરેક્ટરો જોયા છે. જેમને ત્યાં દરેક ખાતામાં સુપરવાઈઝરો અને ખાતાના અધિકારીઓ છે. તેમ છતાં આ ડિરેક્ટરો પોતાની એ.સી. કેબિનમાં બેઠાબેઠા સી.સી.ટી.વી. કેમેરામાં ક્યાં શું ચાલે છે તે જોયા કરે છે. થોડી થોડી વારે કોઈ ખાતાના સુપરવાઈઝરને ફોન કરીને પૂછે કે ફલાણા મશીન પર ઓપરેટર કેમ દેખાતો નથી? મેનેજમેન્ટની આ શૈલી જૂની લાલા પદ્ધતિથી અલગ નથી જેમાં એક પહેલવાન લાલો હાથમાં દંડો લઈને કામદારોનું ધ્યાન રાખતો હોય અને હોંકારા પડકારા કરતો હોય. આ ડિરેક્ટરોને એ ભાગ્યે જ ખબર છે તેમણે શું કામ કરવાનું છે. તેમને સાંજ પડ્યે, અઠવાડિયાને અંતે કે મહિને એક વાર અધિકારીઓ સાથે બેસીને કામનો હિસાબ માંગતા નથી આવડતો. અધિકારીઓની મુશ્કેલીઓ સમજતા અને તેને હલ કરતા નથી આવડતી. તેમને આંકડાઓની ભાષા સમજવામાં તકલીફ પડે છે.

આપણો દેશ વર્ષમાં દસ મહિના ગરમ હોય છે. તેમાંય એપ્રિલથી જૂન તો અતિ ગરમ હોય છે. આપણે ત્યાં મોટાભાગના લગ્નો આ મહિનાઓમાં થતા હોય છે. તે વખતે વરરાજાઓ કોટ-પેન્ટ અને ટાઈ પહેરે છે. તે ઉપરાંત ઘણી કંપનીઓના કર્મચારીઓએ ટાઈ બાંધવી પડે છે કારણ કે એ ડ્રેસ કોડ છે. કંપનીનો ડ્રેસ કોડ વિકસિત દેશોના પહેરવેશને (જે આઠ મહિના અતિ ઠંડા રહે છે) ધ્યાનમાં રાખીને હોય કે જે તે દેશની આબોહવાને ધ્યાનમાં રાખીને હોય?

'ઝિંદગી' ચેનલ પર આવતી મોટા ભાગની સિરિયલો આટલી પ્રગતિશીલ કેમ છે? પાકિસ્તાન વિષે આપણી ધારણા તો અલગ જ છે. તેમાં આ બંધબેસતી નથી. જાણવા મળ્યું છે કે ત્યાંની ચેનલોએ નક્કી કર્યું છે કે આપણે એવી સિરિયલો બનાવીએ જેમાં સ્ત્રીઓના વિકાસની, સ્વતંત્રતાની વાત હોય. જેમાં પુરુષના બહુ પત્નિત્વના કારણે ઊભા થતા પ્રશ્નોની વાતો હોય. તેમાં અલ્લાહ આવે છે પણ તેની માનતાઓ નથી થતી. આ સામે આપણે શું કરીએ છીએ? આપણી સિરિયલોમાં પાત્રને જરાક દુઃખ પડે એટલે બાપ્પા કે માતારાની કે બાબાજીને આજીજી શરૂ થઈ જાય. આપણી સિરિયલોમાં ઈચ્છાધારી નાગિન આવે, ચૂડેલ આવે, ભૂત આવે. હવે તો સંતોષીમાતા એમના પરચા દેખાડવા હાજર થવાના છે. એક સિરિયલમાં એક યુવતીની જીભ અચકાય છે. તેને નબળાઈ ગણીને બધા એને ચલાવી લે છે. કોઈ એને સ્પિચ થેરાપિસ્ટ પાસે લઈ જવાની વાત નથી કરતા. સિરિયલની વહુની લાક્ષાણિકતા એ જ કે તે રૂપાળી હોવી જોઈએ, તેને બધી રસોઈ કરતા આવડતી હોય, તે બધા પ્રકારના દુઃખો, અપમાનો સહન કરીને સાસરાને વફાદાર રહે. આ બધા દ્વારા આપણે સમાજને કયો સંદેશ આપીએ છીએ? આપણી કેટલી સિરિયલો સમાજને વૈજ્ઞાનિક સમજણ આપે છે? કે સમાજને વધુ સ્વસ્થ રીતે જીવવાનો મેસેજ આપે છે?

પશ્ચિમના સમૃદ્ધ દેશો જેવા થવા માટે આપણે તેના જેવું અહીં કરવા માંડીએ છીએ અને તેને વિકાસ માનવા લાગ્યા છીએ. એ દેશો પાસે વિશાળ વિસ્તાર છે અને બહુ ઓછી વસ્તી છે. તેમના કરતા આપણી વસ્તીની ગીચતા ઘણી વધારે છે છતાં આપણે તેમના જેવા હાઈવે જંક્શન બનાવીને જમીનનો કેટલો બગાડ કરીએ છીએ? આપણા સાંકડા રસ્તાઓમાં વાહનોની સંખ્યા વધતી જાય છે અને રસ્તાઓને રેપિડ બસ સર્વિસને નામે વધારે ને વધારે સાંકડા કરતાં જઈએ છીએ. તે સામે પાર્કીંગની કોઈ વ્યવસ્થા વિચારતા જ નથી. આપણા મોટા અર્થશાસ્ત્રીઓ અને શહેર યોજનાના નિષ્ણાતો વિદેશમાં ભણેલા છે. તેમણે ત્યાં જે જોયું છે તે વિકાસનો માપદંડ બની ગયો છે. તે સ્થાનિક પરિસ્થિતિ સાથે સુસંગત છે કે નહીં તે કોણ સમજશે?

વિજ્ઞાનની એ શિસ્ત છે કે તમે આજે જેને સત્ય માનો છો તેને કાલે કોઈ અસત્ય પુરવાર કરે તો તે તમારો દુશ્મન નથી થઈ જતો. (જો કે કેટલાક વિજ્ઞાનીઓ પણ આ માનસિકતા નથી ધરાવતા.) તમારા સત્ય સામે બધાને પ્રશ્નો કરવાનો અધિકાર છે. આજે આપણે વિરોધને સહન નથી કરી શકતા. આમીરખાનના અસહિષ્ણુતા વિષેના એક વિધાને એટલો ઉહાપોહ મચાવ્યો કે તે આપોઆપ સાબિત થઈ ગયું કે આપણે પ્રજા તરીકે અસહિષ્ણુ છીએ. કોઈ પુસ્તક કે ફિલ્મ કે વ્યક્તિ આપણા વિચારોનાં વિરોધી હોવાથી તેની સામે યુદ્ધની ઘોષણા કરી નાખીએ છીએ.

વૈજ્ઞાનિક અભિગમ માનવને સ્વસ્થ રીતે વિચારવા અને જીવવામાં મદદ કરે છે. તે તર્કસંગત વિચારણા કરે છે. તે માત્ર પોતાના સ્વાર્થનો નહીં પણ સમસ્ત સૃષ્ટિના સંદર્ભમાં વિચારે છે. તે ત્વરીત ઉકેલની સાથે સાથે લાંબાગાળાના ઉકેલની પણ શોધ કરે છે. તે નવા વિચારોને, અર્થઘટનોને આવકારે છે. જૂની માન્યતાઓને સમયાંતરે તપાસતો રહે છે અને જરૂર પડે તેને સહજતાથી છોડી દે છે. તે પોતાના સત્યને વળગી રહે છે તે સાથે સામેની વ્યક્તિના સત્યને સમજવા, ઓળખવા નિષ્ઠાથી પ્રયાસ કરે છે. તે પ્રશ્નોને આવકારે છે.

# ૩. આપણી અવૈજ્ઞાનિક પરંપરાઓ

**ડૉ. અશ્વિન શાહ**

આપણાંમાના મોટાભાગના લોકોના રોજબરોજના વ્યવહારમાં વૈજ્ઞાનિક અભિગમનો અભાવ ચોક્કસ જ વધતો-ઓછો જોવા મળે છે. હાથમાં મોબાઈલ ફોનની લેટેસ્ટ ટેકનોલોજી, ઈન્ટરનેટના ઉપયોગથી કોઈપણ ટ્રેઈન, ફ્લાઈટ, પિક્ચરના શોનું બુકીંગ કે ટુરમાં જવા માટે કોઈક દૂરના સ્થળનું હોટલ બુકીંગ ગમે તે સમયે (ઓફિસ સમય બાદ પણ), દુનિયાના ગમે તે ખૂણેથી પોતાના સ્વજનનો સંપર્ક ગમે તે સમયે (પોતાને અનુકુળ) કરી શકતો હોવા છતાં, કપાળ પરના તિલકો, ગળા-શરીર પરના દોરા, માદળિયાઓ, શરીર પરની જનોઈ એ હટાવી શકતો નથી. પોતાના સંતાનને ઓરીની રસી મુકાવી હોવા છતાં ઘરની ગૃહીણી કે વડીલની ''બાધા'' અટકાવી શકતો નથી અને કરુણતા તો એ છે કે આ ગૃહિણી સ્વયં પણ એમ.એસસી. થયેલી હોય છે અને કદાચ કોઈ શાળામાં વિજ્ઞાનનો વિષય ભણાવતી પણ હોય!

આવા અનેક ઉદાહરણો અમે તબીબી સારવાર કરતી વખતે જોતા રહીએ છીએ અને હતાશા અનુભવીએ છીએ. ઘણીયેવાર આ વૈજ્ઞાનિક તથ્યો ન સ્વીકારવાના કારણોની ગડમથલ કરતા રહીએ છીએ

પરંપરાવાદી સંસ્કૃતિ : આપણે પરંપરાવાદી પ્રજા છીએ. ''આગે સે ચલતા આયા હૈ'' એટલે જૂના રીતરિવાજોનું આંધળું અનુકરણ કરતા રહ્યા છીએ. આ રિવાજ પાછળ કોઈ તર્કસંગત કારણ માટે એનું વિશ્લેષણ કરવાની વૈજ્ઞાનિક દષ્ટિનો ઉપયોગ કરતા નથી. આ રિવાજને તોડવામાં સમાજનો ડર અથવા અસલામતી લાગે છે અને પાલન કરવામાં કૌટુંબિક, સામાજિક ગૌરવ અનુભવીએ છીએ.

આપણે પરંપરાભંજક બની જતા ડરીએ છીએ. દરેક જાણે છે કે હવે શહેરોમાં સ્મશાનયાત્રામાં શબવાહિની અને વાહનોનો ઉપયોગ થાય છે અને અગ્નિ પેટાવવા માટે અનેક સાધનો ઉપલબ્ધ છે. ગેસ તથા ઈલેક્ટ્રીક સગડીઓ પણ છે છતાં અગાઉથી ચાલી આવેલી સળગતા છાણાવાળી ''માટલી'' બસ સાથે બાંધીને હજી પણ લઈ જવામાં આવે છે. અગાઉના વર્ષોમાં શબને દાહ આપવા આ સળગતો કકડો જરૂરી હતો. પરંતુ હજી પણ આ રિવાજને તિલાંજલિ આપવામાં આવતી નથી કારણ કે આ એક પરંપરા છે. વૈજ્ઞાનિક દૃષ્ટિ માટે પરંપરાભંજક બનવું પડે.

શિક્ષણ : આપણી શિક્ષણપ્રથા દ્વારા વૈજ્ઞાનિક અભિગમ કેળવાતો નથી કારણ શિક્ષણ ફક્ત આર્થિક ઉપાર્જન કરતાં જ શીખવે છે. એમાં તર્કશાસ્ત્ર, વિવેકબુદ્ધિનો ઉપયોગ જીવનમાં કેમ કરવો એ શીખવવામાં આવતું નથી. વધુ ટકા લાવવા ગોખણીયું જ્ઞાન આપવામાં આવે છે. આપણી પ્રાચીન ગુરુ પરંપરામાં પણ પોપટીયું જ્ઞાન દ્વારા ગોખણપટ્ટી કરવામાં આવતી એ હજી પણ ચાલુ છે. ન સમજાતા હોવા છતાં શ્લોકો ગોખવા, ઘડીયા મોઢે કરવા



વિ. ખૂબ ગંભીરતાથી શીખવવામાં છે. શિક્ષણ પદ્ધતિમાં ''શા માટે''નો ઉપયોગ, અવલોકન, વિશ્લેષણ, ચિંતન, પ્રયોગ વિ. શીખવવું ખૂબ જ જરૂરી છે. જિજ્ઞાસાવૃત્તિનો વિકાસ શિક્ષણનો હેતુ હોવો જોઈએ. પ્રાચીન સમયમાં વડવાઓએ ખગોળ-ગણિતમાં થોડા અવલોકનો કર્યા હતા પણ વૈજ્ઞાનિક અભિગમ ન હોવાથી એમાં ઝાઝી પ્રગતિ થઈ નથી.

સામાજિક તથા ધાર્મિક રૂઢિઓ : સમાજ અનેક ધર્મો, જાતિ, જ્ઞાતિ, કોમોમાં વિભાજીત છે. દરેકને અનેક રિવાજો, રૂઢીઓ વારસામાં મળે છે અને એ પોતાના વાડામાંથી બહાર નીકળી શકતો નથી. ઘણીવાર એ રૂઢીમાં ન માનતો હોવા છતાં સામાજિક ડરને લીધે અથવા આ રૂઢીઓ ''માનવી જ જોઈએ'' એમ માનતો હોય છે. દરેકને ઘરમાં જન્મ, લગ્ન, મરણ વખતે આવી જૂની, પુરાણી રૂઢીઓ પાળવાનો અનુભવ થતો હોય છે. આમાં કદાચ આપણે ''ઊંચી સંસ્કૃતિ'' હોવાનું મિથ્યાભિમાન જવાબદાર હોઈ શકે.

સલામતી : આ રૂઢીઓ/માન્યતાઓ ન માનવામાં આવે તો પોતાને કે કુટુંબને આર્થિક, શારીરિક નુકશાન થઈ શકે એવી વર્ષો જૂની મનમાં વસી ગયેલી ગ્રંથિ દૂર કરી શકાતી નથી. વળી દરેકને પોતાના ભવિષ્ય વિષે કોઈ માહિતી ન હોવાથી એને માટે ચિંતા રહે છે. જેથી આ જૂની માન્યતાઓને દૂર કરી શકાતી નથી. આ માટે શિક્ષણમાં, ઉછેરમાં, વાંચન દ્વારા યોગ્ય વૈજ્ઞાનિક માહિતીનો સ્વીકાર કરવો જરૂરી છે. બાળપણથી જ જેને Delearning કહેવાય એ શરૂ કરવું જરૂરી છે.

સમાધાનવૃત્તિ : આપણે ઘણી રૂઢી-રિવાજોને ન માનતા હોઈએ પણ ઘરના કુટુંબીજનોની સાથે દલીલમાં ન ઊતરતા સમાધાન કરતા રહીએ છીએ.

વૈજ્ઞાનિક અભિગમથી જ નવા આવિષ્કારો થઈ શકશે. સામાન્ય પ્રજા બિનજરૂરી તબીબીખર્ચ, સાધુબાવાઓની માયાજાળ, ખોટા સામાજિક ખર્ચ અને ભવિષ્યની ખોટી ચિંતા વિના સુખી જીવન જીવી શકશે. (ખારેલ)

# ૪. માનવજીવનમાં વૈજ્ઞાનિક અભિગમ

**જશભાઈ પટેલ**

આપનો વિષય વ્યક્તિ, સમાજ તેમજ દેશ-દુનિયાને, સમગ્ર પ્રકૃતિ-કુદરતને સ્પર્શતો છે. આપે સાચું જ કહ્યું છે કે આજના જ્ઞાન, વિજ્ઞાન અને અદ્‌ભુત ટેકનોલોજીના સમયમાં ઉચ્ચશિક્ષણ પામેલા લોકો, સાહિત્યકારો, સંગીત-નૃત્યકારો, ચિંતકો, ન્યાયાધીશો જેવા માણસોના જીવનમાં રોજબરોજના આચાર, વિચારો, વાણી અને વર્તનમાં વૈજ્ઞાનિક અભિગમ નહિવત્ દેખાય છે. માનવી સમગ્ર વિશ્વનો એક ભાગ છે. સમગ્ર વિશ્વ સાથે વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાથી સંકળાયેલો છે. પંચ મહાભૂતો, પ્રકૃતિ અને પર્યાવરણનું સંચાલન વૈજ્ઞાનિક રીતે થાય છે. પરંતુ સૃષ્ટિનું સર્વશ્રેષ્ઠ પ્રાણી માનવ તેના જીવનમાં વૈજ્ઞાનિક અભિગમ ધરાવતો નથી.

માનવીનું જીવન સંઘર્ષ, મથામણથી પડકારભર્યું છે. માટે જીવન જીવવાની શ્રેષ્ઠ કળા કોઈ હોય તો તે વૈજ્ઞાનિક અભિગમ છે. પરંતુ આજે એકવીસમી સદીમાં માનવી જૂના રૂઢિચુસ્ત રીતરિવાજો, માન્યતાઓ, અંધશ્રદ્ધા, લોભ-લાલચથી સત્તા, સંપત્તિ, પ્રતિષ્ઠા માટે દોડધામવાળું આંધળું, દિશાવિહિન જીવન જીવી રહ્યો છે. તેથી અનેક સમસ્યાઓથી ઘેરાયેલો રહે છે.

સમયે સમયે યુગ પરિવર્તન થાય છે તેમ પ્રકૃતિ સાથે તાલમેલ સાધી માનવીએ પરિવર્તન લાવવું જ જોઈએ. કવિશ્રી ઉમાશંકર જોષીએ કહ્યું છે : ''ત્રણ વાનાં મુજને દીધાં, હૈયુ, મગજ અને હાથ. હવે ચોથું નથી માંગવાનું.'' સફળ જીવન માટે આ ઉપદેશ પુરતો નથી? દુઃખદ બાબત એ છે કે સુખ, શાંતિ, આનંદ માટે માનવી બહાર ફાંફાં મારે છે. ધર્મ, સંપ્રદાય, ઈશ્વરના અસ્તિત્વના કોઈ પુરાવા નથી. જ્યારે વિજ્ઞાનના સિદ્ધાંતોના પુરાવા-સાબિતી હોવાથી વિજ્ઞાન સત્ય છે. ગાંધીજીના ઉપદેશ પ્રમાણે સત્ય એ જ ઈશ્વર છે. સંપ્રદાય અને રાજકારણ વ્યક્તિગત હોવાથી મનુષ્યની ચેતનાના ટુકડા જ કરે છે. વિજ્ઞાનનું કાર્ય પ્રકૃતિમાંથી સત્ય શોધવાનું છે. 'સત્યનો જય' માત્ર વિજ્ઞાનમાં જ થાય છે. દુનિયા પર થયેલા બધા જ યુદ્ધોનું કારણ ધર્મ, સંપ્રદાય અને રાજકારણ છે, વિજ્ઞાન નહિ. વળી ધર્મ અને સંપ્રદાયને કારણે સમાજ, દુનિયા અનેક વાડામાં વહેંચાઈ ગયા છે. એકબીજા પ્રત્યે પ્રેમ, સહકાર, માનવતા, સંવેદનાની ભાવના લુપ્ત થઈ ગઈ છે. માનવીના મૂળભૂત મૂલ્યોનો ધ્વંસ કરી નાખે એવી આફતનાં વાદળમાં ઘેરાઈ રહ્યાં છે. આપણા રોજબરોજના પ્રશ્નો ઉકેલવામાં ધર્મ, સંપ્રદાય કે રાજકારણમાં ક્ષમતા નથી જ નથી. કુદરત ઉપર સંપ્રદાય કે રાજકારણની કોઈ અસર પડતી નથી. કુદરતનો અનુભવ સૃષ્ટિના દરેક જીવને સરખો જ થાય છે. પછી સમાજમાં માનવીઓના અલગ અલગ વાડાઓ શા માટે?

સિધ્ધ સંત શ્રીરંગ અવધૂતના જીવનમંત્ર ''પરસ્પર દેવો ભવ''ની ભાવનાથી માનવીએ પોતાનું જીવન ઉત્સવ બનાવવું જોઈએ. માનવી સિવાયના દરેક જીવો પ્રેમ, સહકારથી એકબીજાના સુખ, દુઃખમાં ભાગીદાર થઈને પ્રકૃતિમય જીવન જીવે છે. જીવનમાં જે નિશ્ચિત છે તેનો સ્વીકાર કરો, જે અનિવાર્ય છે તેની સાથે સહકાર કરો, પોતાની કપોળકલ્પિત દુનિયા રચીને એમાં રહેવાનો દંભ, હઠાગ્રહ, અહમ્‌થી પોતાની જાતને છેતરે છે. માનવી વિશ્વકુટુંબના દરેક જીવો પ્રત્યે પ્રેમ, સદ્‌ભાવના, સહિષ્ણુતા તથા હકારાત્મક અભિગમ રાખે તો સમાજ અને જગતમાં સુખ, શાંતિ અને આનંદની અનુભૂતિ થાય.

આજે polulation, poverty એ વૈશ્વિક સમસ્યાઓ માનવસર્જિત જ છે ને! માનવી કુદરત ઉપર વિજય મેળવવાની ઘેલછા છોડશે નહિ તો પૃથ્વીના વિનાશને નોંતરશે. માનવી સૃષ્ટિના સમગ્ર અસ્તિત્વ તરફ સકારાત્મક દૃષ્ટિથી વૈજ્ઞાનિક અભિગમ અપનાવે તો ભયો ભયો.

(૪૦, અપેક્ષાપાર્ક, ઈસ્કોન-વાસણા રોડ, સ્વામી. મંદિર સામે, વડોદરા-૩૯૦૦૦૭)





# ૧. એવોર્ડ વાપસી - એક દંભ

**ભૂષિત જોષીપરા**

<u>એક મત :</u> ભાઈ અખલાકની હત્યા ચિંતાજનક છે. ટોળાંનો ન્યાય ક્યારેય ચલાવી લેવાય નહીં. ઉપરાંત એક હિન્દુ તરીકે મનુષ્યેતર જીવોને પીડા પહોંચાડવી તે પણ નિંદનીય છે, તો એક મનુષ્ય, એક ભારતીય જવાનના પિતા એવા અખલાકભાઈની હત્યાની તો ક્યાં વાત કરવી? શ્રી કુલબુર્ગીની હત્યા તો અતિનિંદનીય છે. પહેલું તો એમાં ટોળું પણ નહોતું. ઉપરાંત, હિન્દુ ધર્મમાં નાસ્તિકતા અને ભૌતિકવાદ અને વેદોની નિંદા - બધું જ છેલ્લા ત્રણ હજારેક વર્ષોથી ચાલે જ છે. એક રેશનાલિઝમ ઉમેરાવાથી હિન્દુ ધર્મ જ વધુ મજબૂત બનવાનો હતો. શ્રી કુલબુર્ગીએ હિન્દુ ધર્મની વર્તમાન માન્યતાઓ પર કુઠારાઘાત કર્યો પણ હોય તો પણ સમાજનો બૌદ્ધિક વર્ગ હિન્દુધર્મમાં અવધ્ય છે. શ્રીકુલબુર્ગીની હત્યા કરીને હિન્દુ હિતની રક્ષા નથી થઈ. હિન્દુ ધર્મનું અહિત થયું છે.

મારે મતે, કેન્દ્ર સરકારનો આ મુદ્દે અસહિષ્ણુતાના નામે વિરોધ કરી રહેલા બૌદ્ધિકો દંભી છે કારણ કે —

૧. સહિષ્ણુતા છે શું? કુલબુર્ગી અને સલમાન રશ્દી બંનેને એક ત્રાજવે તોળવા જોઈએ કે નહીં? જો હા, તો બૌદ્ધિકોએ અત્યાર સુધી એવોર્ડ દબાવી રાખીને શો ફાયદો કાઢ્યો? - જો રશ્દી વખતે વિરોધ કર્યો હોત તો કુલબુર્ગી આજે જીવતા હોત!

૨. ફ્રાન્સમાં ચાર્લી હેબ્ડોના સમયે આખું ફ્રાન્સ અસહિષ્ણુ થઈ ગયું કે નહીં? જો હા, તો આમાંના ઘણા બૌદ્ધિકોએ ત્યારે એમ કેમ કહ્યું 'કાર્ટૂનિસ્ટે ધાર્મિક લાગણીઓનો ખ્યાલ રાખવો જોઈતો હતો?' જો ના, તો આજથી સાઠ-સિત્તેર વરસ પહેલાં લાખોને ધર્મને નામે મારીને વિભાજિત થયેલો આપણો દેશ વોલ્તેરની ભૂમિથી પણ વધુ સહિષ્ણુ કેમ નથી થઈ ગયો?

૩. અસહિષ્ણુતા સમાજમાં છે કે સરકારમાં?

૪. એવોર્ડ સરકાર આપે છે? ના. એવોર્ડ તો સાહિત્ય અકાદમી આપે છે. સાહિત્ય અકાદમી સરકારથી સ્વતંત્ર છે કે નથી? જો હા, તો કાયદો અને વ્યવસ્થાની જવાબદારી સરકારની નહીં પણ સાહિત્ય અકાદમીની છે?

૫. મોદીને સત્તાલોભી ગણીને ગાળો ભાંડવાની છે કે એના હાથમાં વધુ સત્તા મૂકવાની છે? બૌદ્ધિકો સંઘીય વ્યવસ્થા સમજી નથી શકતા એટલા અબૌદ્ધિક છે કે આપણને મૂરખ બનાવે છે?

૬. ૩૧% મત સાથે ચૂંટાયેલા મોદી સામે ૧% બૌદ્ધિકોનો વિરોધ. આંકડાશાસ્ત્રની રીતે આવા વાહિયાત વિરોધનો શો અર્થ?

<u>અન્ય મતો</u> : આવું અગાઉ ક્યારેય નથી બન્યું. આ ઘટના સાહિત્ય સર્જન ઉપરાંત પણ તેઓનો જે પ્રભાવ છે તે અંગેની તેઓની જાગૃતિ દેખાડે છે. તેઓએ વિરોધ દર્શાવવાનો અધિકાર જ નથી દાખવ્યો, પરંતુ દેશમાં જે બની રહ્યું છે તે અંગે અસંમતિ પણ દર્શાવી છે.

- ગોપાલકૃષ્ણ ગાંધી (ટાઈમ્સ ઓફ ઈન્ડિયા)

સાહિત્ય જગતમાં ફેલાયેલી બેચેની અને સત્તાવર્ગની ઉપેક્ષા તથા અસહિષ્ણુતાએ એક વાર ફરી ભારતની વિવિધતાભરી વૈચારિક પૃષ્ઠભૂમિને વિશે ચિંતન કરવા માટે વિવશ કરી દીધા. આપણે એ ભૂલી જઈએ છીએ કે આખરે દિશા તો દાર્શનિક જ બતાવી શકે છે પરંતુ આપણી નવી રાજનૈતિક અને વહીવટી વ્યવસ્થા એ માનવા માટે તૈયાર જ નથી કે એમને કોઈ શિખવાડી પણ શકે. આપણે એક મહત્ત્વપૂર્ણ ભૂલ કરી રહ્યા છીએ કે દિવસે દિવસે ઘેરાતા અંધકારને માત્ર સાંપ્રદાયિકતાના પ્રશ્નથી જોવાનો અને ઉકેલવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. વર્તમાન સમસ્યાની બીજી મુખ્ય બાજુ વધતી જતી આર્થિક અસમાનતા છે.

- ચિન્મય મિશ્ર (સપ્રેસ)

બુદ્ધિવંતો, સાહિત્યકારો, કલાકારોએ અપનાવેલા વલણ અંગે મતભેદ હોઈ શકે છે. પણ તેમને કોંગ્રેસી ખાંધિયા કહેવા અથવા તેમની નિષ્ઠા અંગે આશંકા દર્શાવવી તે અયોગ્ય છે. તેમને જે વાતાવરણ મહેસૂસ થયું તેમના પ્રતિકાર માટે તેમનાથી થઈ શક્યું તે તેમણે કર્યું છે. સાહિત્ય કે વિજ્ઞાનની ઉપાસના કરનાર લોકો પોતાનો અણગમો દર્શાવવા માટે જે કરી શકે તે તેમણે કર્યું છે. તેમનો મત ખોટો હોય તો પણ તેમના માટેના આદરભાવમાં ઉણપ આણવી વ્યાજબી નથી.

- નગીનદાસ સંઘવી (દિવ્ય ભાસ્કર)

સાહિત્યકાર પોતાના સાહિત્ય દ્વારા પોતાને લાગતા સત્યની વાત કરે છે. તે તમને ખોટું લાગી શકે. સાહિત્યકારને પોતાને પણ ખબર હોય છે કે તે કદાચ ખોટો હોઈ શકે. પણ એ દ્વારા જ સમાજમાં નવા વિચારો ઉદ્‌ભવે છે, બદલાવ આવે છે. એ રીતે જ સમાજ આગળ વધે છે. દરેક જમાનામાં દરેક દાર્શનિકોને બહુમતી સમાજનો વિરોધ સહન કરવો પડ્યો છે. અમને અમારી વાત કહેવાનો અધિકાર છે. એવોર્ડ વાપસી એ તો માત્ર નાટકીય પગલું છે જેથી લોકો એ વાત ધ્યાન પર લે. બાકી અમારી કઈ વાતોને મિડીયા જાહેર કરશે? સાહિત્યનું મુખ્ય કામ છે સમાજમાં સમતા, સ્વતંત્રતા અને સંવેદનશીલતાનો પ્રસાર કરવો. દરેક સાહિત્યકાર એ માટે તો લખે છે. તમને ગમે તો સ્વીકારો, ન ગમે તો ના સ્વીકારો પણ તમે અમને લખતા કે બોલતા રોકી ના શકો.

- અશોક બાજપેયી, હિન્દી સાહિત્યકાર, જેમણે અકાદમીનો એવોર્ડ પાછો આપ્યો છે.

એવું કહેવાય છે કે એવોર્ડ પાછા આપનાર બધા કોંગ્રેસના સમર્થકો છે. તેનો અર્થ કે કિરણ શો, રઘુરામ રાજન, ઝુબિન મહેતા, નારાયણ મૂર્તિ, રિબેરો, રાષ્ટ્રપતિ, બરાક ઓબમા .... આ બધા કોંગ્રેસના સમર્થકો છે?

- કોંગ્રેસના સાસંદ જ્યોતિરાદિત્ય સિંધિયા



## કવિતા



**ચાર્લી ચેપ્લિન**
તેના ૭૦મા જન્મદિને, ૧૬મી એપ્રિલ, ૧૯૫૯

જ્યારથી હું મને પ્રેમ કરતો થયો,
ત્યારથી હું સમજતો થયો કે હું હંમેશા અને કોઈપણ સમયે
યોગ્ય સમયે યોગ્ય જગ્યાએ જ હતો.
અને હું સમજ્યો કે જે કંઈ બને છે તે યોગ્ય જ હોય છે.
ત્યારથી હું શાંત થઈ ગયો છું.
આજે મને ખબર છે કે : એને 'વિશ્વાસ' કહે છે.

જ્યારથી હું મને પ્રેમ કરતો થયો,
ત્યારે મને સમજાયું કે કોઈને કેટલું દુઃખ થતું હશે,
જ્યારે હું મારી ઈચ્છાઓ કોઈ અન્ય પર ઠોકી બેસાડવાનો પ્રયત્ન કરતો હતો!!
મને એ ખબર હતી કે આ સમય યોગ્ય નથી અને તે વ્યક્તિ તે સમયે તે માટે તૈયાર નથી,
અને તે વ્યક્તિ હું જ હતો.
આજે મને ખબર છે કે : તેને 'જતું કરવું' કહેવાય.

જ્યારથી હું મને પ્રેમ કરતો થયો,
હું અન્ય જીવનની ઈચ્છા રાખતો બંધ થયો.
અને હું સમજી શક્યો કે મારી આસપાસનું સઘળું એ વિકાસની વિનંતીરૂપ હતું.
આજે મને ખબર છે કે : તેને 'પુખ્તતા' કહેવાય.



જ્યારથી હું મને પ્રેમ કરતો થયો,
ત્યારથી હું લાગણીઓના દર્દને અને શોકને ઓળખતો થયો
તે મારા માટે મારા સત્યની વિરુધ્ધ ના જીવવાની ચેતવણી હતી.
આજે મને ખબર છે કે : તેને 'અધિકારપૂર્વક પોતાપણું' કહેવાય.

જ્યારથી હું મને પ્રેમ કરતો થયો,
મેં મારા નવરાશના સમયથી મને દૂર હડસેલતો રોક્યો.
અને ભવિષ્યના મહાન પ્રકલ્પોની રચના કરતો બંધ થયો.



આજે હું એ જ કરું છું જે મારા માટે ગમ્મત કે આનંદ હોય.
જે કરવું મને ગમે છે અને જેનાથી મારું હૃદય હસે છે.
જે મારી મરજી મુજબ હોય અને મારી ગતિના પ્રવાહને અનુકૂળ હોય.
આજે મને ખબર છે કે : તેને 'પ્રામાણિકતા' કહેવાય.

જ્યારથી હું મને પ્રેમ કરતો થયો,
હું એ બધાથી દૂર ભાગી છૂટ્યો જે બધું મારા માટે આરોગ્યપ્રદ નહોતું.
એ બધી વાનગીઓ, લોકો, વસ્તુઓ, પરિસ્થિતિઓ
અને એ બધાથી, જે મને નીચે ખેંચતું હતું અને મને મારાથી દૂર હડસેલતું હતું.
શરૂઆતમાં હું એને 'આરોગ્યપ્રદ અહમ્' કહેતો હતો.
પણ આજે મને ખબર પડે છે કે : તે 'આત્મપ્રીતિ' હતી.



જ્યારથી હું મને પ્રેમ કરતો થયો,
હું હંમેશા સાચો જ હોઉં તેવું ઈચ્છતો બંધ થયો,
આથી આજે હું થોડો ઓછો ખોટો હોઉં છું.
આજે મને એ સમજાય છે કે : એને 'વિનમ્રતા' કહેવાય.

જ્યારથી હું મને પ્રેમ કરતો થયો,
મેં ભૂતકાળમાં જીવવાનું નકાર્યું
અને ભવિષ્ય તરફ વિચારવાનું શરૂ કર્યું.
હવે હું મારી આ ક્ષણને જીવું છું જ્યાં દરેક ઘટનાઓ ઘટે છે.
હવે હું એવી રીતે જ જીવું છું અને હું તેને 'સજાગતા' કહું છું.

જ્યારથી હું મને પ્રેમ કરતો થયો,
મને સમજાયું કે મારી વિચારધારા મને દુઃખી કે બિમાર કરે છે.
જ્યારે મેં મારા હૃદયને વિનંતી કરી ત્યારથી
મારા મનને એક મહત્ત્વનો સાથીદાર મળ્યો
આજે આ જોડાણને હું 'હૃદયની સમજણ' કહું છું.
આપણી સાથે કે અન્યની સાથેના આપણા ઘર્ષણો અને પ્રશ્નો વિષે
આપણે વધારે ચર્ચાનો ડર રાખવાની જરૂર નથી
કારણ કે ઘણી વાર તારાઓ પણ એકમેક સાથે અથડાઈને નવા વિશ્વો જન્માવે છે.
આજે મને ખબર છે કે : તે જ તો જીવન છે.



# વૈવિધ્ય

## ૧. સુખના સરનામાની શોધ

**હર્ષદ માવાણી**

રજાનો દિવસ છે. તમે મનપસંદ ટી.વી. ચેનલ પર સિરીયલ જોઈ રહ્યા છો. ત્યાં વચ્ચે બ્રેક-જાહેરાત આવે છે. તમે તુરત ચેનલ બદલી નાખો છો. ખરું ને? આમ કરવા પાછળનું જો કોઈ મૂળભૂત કારણ હોય તો તે છે રીમોન્ટ કન્ટ્રોલ. તમારા હાથમાં તેવી શક્તિ - પાવર છે.

હવે સમજો તમારું મુખ ટી.વી. સ્ક્રીન છે. તેના પર કઈ ચેનલ ચાલે તે પસંદ કરશો? મોજ, મસ્તી, આનંદ, સુખની, બરાબરને? પરંતુ આ ચેનલ વધારે સમય ટકતી નથી. અણગમા-કંટાળાની ચેનલ આવી જાય છે. આનું કારણ છે આપણી પાસે માત્ર સુખ, મોજ-મસ્તીની જ ચેનલ ચાલે તેવું રીમોટ કન્ટ્રોલ નથી. આવા રીમોટની શોધ એટલે જ સુખના સરનામાની શોધ.

મનુષ્ય જીવનની ઉત્ક્રાંતિ સાથે જ સુખની શોધ શરૂ થઈ. મનુષ્યની અપેક્ષા, ધારણા મુજબ જ્યારે ઘટનાઓ ઘટે છે ત્યારે આ બરાબર છે, આમ જ થવું જોઈતું હતું તેવી સંવેદના અંદરથી આવે છે. આ જ સુખ છે. આમ સુખ એ મનોશારીરિક અવસ્થા છે. પ્રખ્યાત મનોવૈજ્ઞાનિક સીગ્મંડ ફ્રોઈડ કહે છે કે મનુષ્યની બધી જ પ્રવૃત્તિઓનું ચાલકબળ સુખ - pleasure જ છે. ડૉ. ચોડલરના મતે અહમ્ - Ego ના સંતોષ માટે જ બધી પ્રવૃત્તિ થાય છે. જ્યારે ડૉ. વિકટર ફ્રૅંકલ કહે છે, ''મારા જીવનનો કોઈક અર્થ છે.'' આ ભાવના જ તેની પ્રવૃત્તિ અને શક્તિનો સ્રોત છે. આ જ વસ્તુ તેને જીવનના ગમે તેવા કપરા સંયોગોમાં ટકી રહેવાનું બળ પૂરું પાડે છે. (જિજ્ઞાસુઓએ તેનું In search of meaning પુસ્તક વાંચવું.)

મનુષ્ય માટે કહેવાય છે કે તે એક સામાજિક, બુદ્ધિજીવી અને લાગણીશીલ પ્રાણી છે. મારા મતે તે કામનાઓ-ઈચ્છાઓ ધરાવતું અને તેની તૃપ્તિ માટે સતત પ્રયત્નશીલ રહેતું પ્રાણી છે. ઈચ્છાઓ અનંત છે. આ ઈચ્છાઓનું મૂળ તેના વિચારો છે. આ વિચારોનું ઉત્પતિસ્થાન, કેન્દ્ર છે તેનું મન. આ વિચારો એ સતત ચાલતી પ્રક્રિયા છે. જો આ વિચારો પર નિયંત્રણ મેળવી શકાય તો સુખના દ્વાર ઉઘડી જાય.

પ્રકૃતિનો અફર નિયમ છે કે —

તમે જે કાંઈ છો - Being, તમે જે કાંઈ કર્મ કરો છો - Doing અને તમને જે કાંઈ પ્રાપ્ત થાય છે - Having. તે હંમેશા પ્રમાણસર જ હોય છે. તેમાં કોઈની જરા જેટલી પણ વગ ચાલતી નથી. વાસ્તવમાં વધારાના પ્રયત્નો વગર તમારે કાંઈક વધુ જોઈતું હોય છે. આ દુઃખનું કારણ છે.

આ વિશ્વમાં પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, તારા બધા જ એક ચોક્કસ ગતિમાં પરિભ્રમણ કરે છે. તમે દરિયા કિનારે જઈ અવલોકન કર્યું હોય તો જણાશે કે તેમની પણ એક ચોક્કસ રીધમ-લય હોય છે. આ પ્રકૃતિની રીધમ છે. મનુષ્ય જો આ પ્રકૃતિની રીધમ અપનાવી લે તો દુઃખથી મુક્ત થઈ જાય. રીધમ અને સંઘર્ષ બંને સાથે ન રહી શકે. જો તમારી અંદર રીધમ હશે તો સંઘર્ષને સ્થાન નહીં મળે. આ રીધમ મનુષ્ય પોતાના શ્વાસ દ્વારા અપનાવી શકે છે. શ્રી તાવરીયાજી આ શ્વાસની રીધમને 3SRB થ્રી સ્ટેપ રીધમીક બ્રિધીંગ કહે છે. (વધુ માહિતી www.3SRB.org પર ઉપલબ્ધ છે.)

આ રીધમ પ્રમાણે એક મીનિટના બાર શ્વાસ લેવાના એટલે પાંચ સેકન્ડનો એક શ્વાસ થયો. આ પાંચ સેકન્ડમાં ત્રણ સેકન્ડ શ્વાસ અંદર લેવાનો અને બે સેકન્ડમાં બધો જરા ફોર્સથી કાઢી નાખવાનો. શ્વાસ લેતી વખતે પેટ અને છાતી બંને જરા ફૂલાય અને કાઢતી વખતે સંકોચાય એ રીતે લેવાનો છે. શ્વાસની આ રીધમ આપણને જન્મ સમયે પ્રકૃતિ તરફથી મળી હતી. પરંતુ સમય જતા આપણે 'આ ગમે છે અને આ નથી ગમતું' ની ફાઈલો બનાવતા ગયા અને રીધમ ગુમાવી દીધી. આ રીધમ આપણે ફરી બેસાડવાની છે.

શ્વાસની આ રીધમના ફાયદા શબ્દોમાં ન વર્ણવી શકાય તેટલા બધાં છે. એ તો અનુભવથી જ સમજાય. આ અનુભવ મેળવવા છ મહિના એક પણ બ્રેક સિવાય નિયમિત અભ્યાસ જરૂરી છે.

આ ફાયદા ટૂંકમાં કહું તો –

૧. તમારી અંદર આવતા વિચારોની સંખ્યા અને ગતિ બંને ઘટશે.
૨. તમે જે લાગણીશીલ થઈ જાઓ છો તે પર કાબૂ આવશે. તમે જે પ્રત્યાઘાત આપતા હતા તેની જગ્યાએ પ્રતિભાવ આપશો.
૩. નાની નાની વાતોમાં જે ગુસ્સો આવી જતો હતો તેમાં ફેર પડશે.
૪. તમે અવારનવાર ભૂતકાળ-ભવિષ્યકાળમાં ખોવાઈ જતા હતા તેના પર અંકુશ આવશે.
૫. તમારી શક્તિ જે વિચારોમાં વેડફાઈ જતી હતી તે બચશે. આ શક્તિથી બીજા અગત્યના કામ થઈ શકશે.
૬. સત્‌ ચિત્‌ આનંદની સ્થિતિ પ્રાપ્ત કરવા તરફ ગતિ થઈ શકશે.

પ્રકૃતિએ માત્ર મનુષ્યને જ પસંદગીની તક આપી છે. તેની પસંદગી મુજબ તે વિચારો કરી શકે છે. અબ્રાહમ લિંકનના શબ્દોમાં કહું તો, ''દરેક સવારે જ્યારે હું નિંદ્રામાંથી ઊઠું છું ત્યારે પ્રભુ ઈશુ મને બે જ વિકલ્પ આપતા –

''આજનો દિવસ તારે રોદણાં રોવા છે કે
મોજ મસ્તી-આનંદથી દિવસ પસાર કરવો છે.''
હું બીજો વિકલ્પ પસંદ કરતો.''

('આશીર્વાદ', ૬, પ્રકાશ સોસાયટી, નિર્મલા કોન્વેન્ટ સામે, રાજકોટ-૩૬૦૦૦૭)



# ૨. પસંદગી ડિગ્રી આધારિત ન હોય

મહેન્દ્ર પુરોહિત

ભારત સ્વતંત્ર થયું પછી જે વિકાસ યોજનાઓ શરૂ થઈ તેમાં ભાકરા બંધના નિર્માણનું કાર્ય ખાસ અગત્યનું હતું. તેનાથી દશેક વર્ષ પહેલાં જ અમેરિકાનો તે સમયનો સૌથી ઊંચો, હૂવર ડેમ બંધાયો હતો. તેના નિર્માણમાં અગત્યનો ફાળો આપનાર શ્રી 'સ્લોકમ'ને ભાકરા બંધના બાંધકામ માટે માર્ગદર્શન આપવા ભારત સરકારે બોલાવ્યા હતા. આ સ્લોકમ પાસે કોઈ જ માન્ય ઈજનેરી ડિગ્રી નહોતી!

સ્વ. નારાયણભાઈ દેસાઈ, પન્નાલાલ પટેલ, દર્શક જેવા ઊંચા ગજાના ગુજરાતી ભાષાના સાહિત્યકારોએ કોઈ ઔપચારિક શિક્ષણ કે ડિગ્રી મેળવ્યા નહોતાં.

રિલાયન્સ ઉદ્યોગગૃહના સ્વ. ધીરુભાઈ અંબાણી કે કાપડ ઉદ્યોગના મફતલાલ ગગલદાસ પોતાની કારકિર્દી ફેરિયા તરીકે શરૂ કરી અબજોપતિ બન્યા હતા.

મારા પિતા વર્ષ ૧૯૨૫માં ત્યારની મેટ્રિક પરીક્ષા પાસ કરી વાંસદાની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા હતા. શરૂઆતમાં નીચલા વર્ગોમાં શિક્ષણ આપતાં તે એટલા બધા પ્રિય થયા કે ઉપલાં ધોરણોમાં ગુજરાતી અને સમાજશાસ્ત્ર વિષયો શીખવતા થયા. સ્નાતક અને શિક્ષકની તાલીમ લઈને આવેલા શિક્ષકોનો હુરિયો બોલાવતા વિદ્યાર્થીઓ મારા પિતાના વર્ગો ભરવા પડાપડી કરતા. એક વિદ્યાર્થીએ તો જીવનમાં ઊંચી પાયરીએ ચડ્યા પછી મારા પિતાનું ઋણ ચૂકવવા હાઈસ્કૂલમાં મારા પિતાના નામની સ્કોલરશીપ આપવા મોટું દાન આપ્યું છે!

આવાં તો અનેક ઉદાહરણો મળે જે પુરવાર કરે કે સામાજિક પ્રતિષ્ઠા માટે અથવા જીવનનિર્વાહ માટે ડિગ્રી મેળવવી અનિવાર્ય નથી. જરૂરી છે મજબૂત સામાન્ય જ્ઞાન, તીક્ષ્ણ અવલોકનશક્તિ, અન્યો સાથેનો સુરુચિપૂર્ણ વ્યવહાર, પરિચ્છેદક તર્કશક્તિ, કાર્યદક્ષ વ્યવસ્થાશક્તિ અને પોતે પસંદ કરેલ ક્ષેત્રનો વ્યવહારુ અનુભવ.

હાલ ડિગ્રીનું મહત્ત્વ વધી ગયું છે કારણ કે નોકરી માટે કે ઉચ્ચ અભ્યાસ માટે ડિગ્રી એક અનિવાર્ય પૂર્વ શરત બની ગઈ છે. આમાં પસંદગી પદ્ધતિની જ ખામી છે. જે ક્ષેત્ર માટે ઉમેદવારની ભરતી કરવાની હોય તે ક્ષેત્રનું તેને વ્યવહારુ જ્ઞાન છે કે નહિ, તે ક્ષેત્રનું વધુ જ્ઞાન મેળવવાની ક્ષમતા કેટલી છે, તે ક્ષેત્રના વ્યવસાય દરમિયાન ઊભી થઈ શકતી જુદી જુદી પરિસ્થિતિઓ સાથે નિપટવાની ક્ષમતા તેની કેટલી છે, તેના સહકર્મચારીઓ, અધિકારીઓ વગેરે સાથે કુનેહપૂર્ણ વર્તાવની તેની આવડત કેવી છે, વગેરે બાબતો અંગે તેની સજ્જતા કેટલી છે તે જાણવું રોજગાર આપનાર કે ઉચ્ચ અભ્યાસ માટે પસંદગી કરનાર માટે અત્યંત જરૂરી ગણાવું જોઈએ. નવા ઉમેદવારોને આ બાબતોનો પ્રત્યક્ષ કે જાત અનુભવ ન હોય. પણ તેની આ પ્રકારની શક્તિઓને ચકાસવાના આડકતરા રસ્તા અપનાવવા

જોઈએ અને એ પદ્ધતિ અપનાવાય તો કોઈ ચોક્કસ સ્તરની ડિગ્રીની પૂર્વાશ્યકતા ન રહેવી જોઈએ.

ભારતરત્ન ડૉ. વિશ્વશ્વરૈયાનો પહેલો અભ્યાસ બી.એ.ની ડિગ્રીનો હતો. તેમાં પદાર્થ અને રસાયણ વિજ્ઞાન જેવા વિષયો પણ હશે. પછી તેઓ ઈજનેરી કોલેજમાં દાખલ થઈ પહેલા નંબરે પાસ થયા અને એક અત્યંત કુશળ તથા કલ્પનાશીલ ઈજનેર અને વહીવટદાર બન્યા.

ઈજનેરી ડિગ્રી પરીક્ષામાં બીજા બધા વિષયોની સરખામણીએ 'ડિઝાઈન' વિષયના મારા માર્ક ઓછા હતા. પરંતુ નોકરીમાં દાખલ થયા પછી કરેલા વાચન, બીજાનાં સંશોધનોનો અભ્યાસ, જાત અનુભવ અને સ્થળ ઉપર કરેલ કલ્પનાશીલ પ્રયોગોને પરિણામે હું એક કુશળ ડિઝાઈન ઈજનેર બની શક્યો. ગુજરાતનાં સંખ્યાબંધ મોટા બંધો, નર્મદાની મુખ્ય નહેર પરનાં અબજોની કિંમતનાં મોટાં બાંધકામો વગેરેની ડિઝાઈન કાં તો મેં જાતે કરી અથવા મારા માર્ગદર્શન હેઠળ તૈયાર થઈ. આમ નોકરી પહેલાંની શિક્ષણની ક્ષમતાનું મૂલ્ય ખૂબ મર્યાદિત છે. વળી મારી પોતાની ઈજનેરી ડિગ્રી સ્નાતક કક્ષાની જ હોવા છતાં ગુજરાતની ત્રણ દાયકા પહેલાંની બધી જ યુનિવર્સિટીઓની સિવિલ ઈજનેરી અનુસ્નાતક પરીક્ષાઓ માટે હું બહારનો પરીક્ષક રહી ચૂક્યો છું.

અમેરિકામાં તો આવી બાબતોમાં કશો પૂર્વાગ્રહ નથી હોતો. મારી ભાણેજની દીકરીએ પ્રતિષ્ઠિત એમ. આઈ.ટી.માંથી ઉચ્ચક્રમે મિકેનિકલ ઈજનેરી ડિગ્રી મેળવી. ક્રાઈસ્લર કંપનીનો એવોર્ડ પણ પ્રાપ્ત કર્યો પણ પછી તેને વધુ ગમતો મેડિકલ અભ્યાસ શરૂ કર્યો અને હાલ મેડિકલ ન્યુરોલોજીમાં ડોક્ટરેટ કરી રહી છે! હવે ક્યાં મિકેનિકલ એન્જિનિયરિંગ અને ક્યાં મેડિકલ ન્યુરોલોજી! કોઈએ મેડિકલ પ્રવેશ વખતે બાયોલોજીના પૂર્વજ્ઞાનની શરત ન મૂકી.

આપણે ત્યાં પણ દશમા અને બારમા ધોરણની પરીક્ષા ઘર બેઠા અભ્યાસ કરી સીધી અપાય જ છે ને!

આમ નોકરી કે ઉચ્ચઅભ્યાસ માટે પ્રવેશ પૂર્વેની પસંદગીની પદ્ધતિઓની ઘરમૂળથી સુધારણા કરવાની જરૂરિયાત છે. ડિગ્રીઓ તો હવે વેચાતી મળે છે!

---

ગયે મહિને તમને મળ્યું : **મિ. ગોડ, ધીસ ઈઝ અન્ના**

**કિંમત** રૂા. ૩૦.૦૦

આવતે મહિને તમને મળશે : **આયુર્વેદના પાયા, લે. બાલકૃષ્ણ વૈદ્ય**

---

**ખાસ નોંધ**

કોઈ પણ પુસ્તિકાની વધારાની નકલ મંગાવતા પહેલાં કિંમત માટે કાર્યાલયનો સંપર્ક કરવો.



# ૩. માનવ મનની દોણી

**દીપક બુચ**

આનંદ અને સુખ ...

આનંદ અને સુખ માણવા માટે જોઈએ શું?

મનની શાંતિ ...!

આનંદ અને સુખ બંને, ભલે આંતરિક અનુભવ હોય પણ ભૌતિક અને બાહ્ય-સ્વરૂપથી જલદીથી સમજાય-અનુભવાય છે, જ્યારે કે શાંતિ એ માત્ર આંતરિક અનુભૂતિ છે. કદાચ આનંદ અને સુખ ખરીદી શકાય છે તેવી પ્રતીતિ થાય છે અને કંઈક અંશે તે અંગેની સંતોષની લાગણી પણ અનુભવાય છે. પણ તે બધું છે ઉપરછલ્લું, કારણ કે તેના મુખ્ય આધારરૂપ શાંતિનો અભાવ હોય છે. શાંતિને તો ઊંડાણમાં બેસવું ગમે છે..! જો શાંતિની પકડ આવે તો જ આનંદ અને સુખ ખરા અર્થમાં હૃદયપૂર્વક માણી શકાય ને હૈયે હાશ થાય. પણ શાંતિને શોધી આણવી કઈ રીતે..? તો તે તાળાની ચાવી છુપાયેલી છે. કોઈને કશું આપવામાં, અન્યને મદદ કરવામં, અન્યની સેવા કરવામાં.

પૂજ્ય શિવાનંદ સ્વામીએ કહ્યું છે તે, ધીમે-ધીમે શીખવું પડે છે ...

He has said : The only thing in the life to learn is "LEARN TO GIVE" whatever one can ... કુદરતમાં આ આપણે અવિરત જોઈ શકીએ છીએ..

કપડાં કે બટાકાની કાતરી સૂકવવામાં કોઈ દિ' સૂર્યનારાયણ ભગવાન કે વાયુ દેવતાના બિલ આવ્યાનું સાંભળ્યું છે?!! આપણા શાસ્ત્રમાં પણ કહ્યું જ છે ને કે, ત્યેન ત્યક્તેન ભુંજીથાઃ ત્યાગીને ભોગવો (સુખ, શાંતિ ને આનંદ...!!) એટલે કે આપણા પોતાના માટે જે વસ્તુ જરૂરતની હોય કે જે વસ્તુ માટે ખૂબ જ લગાવ/આસક્તિ હોય તેને ત્યાગતા (sacrifice) શીખવું પડે, આપવાની ટેવ કેળવાઈ જવી જોઈએ અને જેમને તે આપીએ તેમના આનંદ અને સંતોષને નિહાળી શકવાના ચક્ષુ વિકસાવી શકીએ એટલે શાંતિની ચાવી હાથમાં ...!

નેપોલિયન કહો કે સિકંદર, આપણે સર્વે આખી જિંદગીની દોડધામ દરમ્યાન અને દડમઝલને અંતે છેવટે તો શાંતિ જ ઝંખીએ છીએ ને? (at the END of the DAY we all wish peace only, irrespective of anything.)

I therefore say that "GIVING IS GROWING" ... !

"Getting can make living but Giving can make life".

**નોંધ :** आ नो भद्राः कृतवो यन्तु विष्वस्तः । દરેક દિશાઓમાંથી શુભ વિચારો પ્રાપ્ત થાઓ ... હંમેશા કાગળ અને પેન્સિલ હાથવગાં રાખવાં, જેવો શુભ વિચાર આવે તેવો તરત ટપકાવી લેવો અને શક્ય હોય તો તેનો અમલ કરવો.

## વિચારવલોણું પરિવાર દ્વારા પ્રાપ્ય પુસ્તકોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૦૧ | અંતિમ મૂલ્યવાન બક્ષિસ (મૂ.લે.જિમ સ્ટેવેલ) | અનુ. મનસુખ રીંડાણી | રૂા. ૨૦.૦૦ |
| ૦૨ | લાવણ્ય (મૂ.લે. રવીન્દ્રનાથ ટાગોર) | અનુકલન : માવજી કે. સાવલા | રૂા. ૩૦.૦૦ |
| ૦૩ | મૃત્યુનો ઉત્સવ | ભાવાનુવાદ : દર્શા કિકાણી | રૂા. ૪૦.૦૦ |
| ૦૪ | સંવાદ (ગુજરાતી) | સારસંક્ષિપ્ત : મુનિ દવે | રૂા. ૨૫.૦૦ |
| ૦૫ | ડૉ. વિક્રમ સારાભાઈ | ડૉ. પદ્મનાભ જોષી | રૂા. ૪૫.૦૦ |
| ૦૬ | યાન્ની | સારાનુવાદ : કલ્પના શાહ | રૂા. ૩૫.૦૦ |
| ૦૭ | અલબેલી | ભાવાનુવાદક : દર્શા કિકાણી | રૂા. ૩૦.૦૦ |
| ૦૮ | ભીતરનું સામર્થ્ય | ભાવાનુવાદ : સોનલ પરીખ | રૂા. ૪૦.૦૦ |
| ૦૯ | હું નફરત નહીં કરું | ભાવાનુવાદ : ડૉ. પ્રફુલ્લ દવે | રૂા. ૨૫.૦૦ |
| ૧૦ | સંસ્થા ઘડતર | સંકલન : મુનિ દવે | રૂા. ૩૫.૦૦ |
| ૧૧ | આત્મા-પરમાત્મા, જન્મ-પુનર્જન્મ | સંપાદક : હિરાલાલ વરિયા | રૂા. ૫૫.૦૦ |
| ૧૨ | બહાનાં ના કાઢ દોસ્ત | ભાવાનુવાદ : દર્શા કિકાણી | રૂા. ૪૦.૦૦ |
| ૧૩ | સ્વીકારથી ચમત્કાર | સંક્ષિપ્ત : ડૉ. વિપુલ દેસાઈ | રૂા. ૩૫.૦૦ |
| ૧૪ | ક્ષિતિજની ધાર પર | ભાવાનુવાદ : સોનલ પરીખ | રૂા. ૪૦.૦૦ |
| ૧૫ | મુક્ત ગગનની બારી | હરેશ ધોળકિયા | રૂા. ૩૫.૦૦ |
| ૧૬ | સંબંધોની ઉષ્મા | માવજીભાઈ સાવલા | રૂા. ૪૦.૦૦ |
| ૧૭ | ફિલસૂફીનું વિશ્વ | માવજીભાઈ સાવલા | રૂા. ૩૫.૦૦ |

---

વાચકમિત્રો માટે

વિચારવલોણું સામયિકનું લવાજમ નેટ બેકીંગ, ઓનલાઈન ટ્રાન્સફર કે ચેક/રોકડ દેના બેંકમાં ડાયરેક્ટ જમા કરાવનાર ગ્રાહકોએ નીચે જણાવેલ સરનામે પત્રવ્યવહાર દ્વારા અચૂક જાણ કરવા વિનંતી. જેથી કાર્યાલયમાં આપના લવાજમ ભર્યાની જાણ થઈ શકે.

**વિચારવલોણું પરિવાર, ૪૦૬, વિમૂર્તિ કોમ્પલેક્ષ, ઓક્સફર્ડ ટાવર સામે, ગુરુકુળ રોડ, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨. ફોન : ૦૭૯-૩૦૧૨૨૭૩૬.**

**(સમય : ૧૦.૦૦ થી ૭.૦૦)**

નીચે જણાવેલ તારીખોએ લવાજમ જમા કરાવનાર ગ્રાહકોએ તેમની વિગત તાત્કાલિક કાર્યાલયમાં જણાવવી.

| **તારીખ** | **ચેક નંબર/રોકડ** | **રકમ** |
|---|---|---|
| ૧૦-૦૬-૨૦૧૫ | રોકડ | ૨૫૦/- |
| ૧૨-૦૬-૨૦૧૫ | રોકડ | ૨૫૦/- |
| ૦૭-૧૦-૨૦૧૫ | રોકડ | ૧૨૦૦/- |
| ૩૦-૧૦-૨૦૧૫ | રોકડ | ૧૨૦૦/- |
| ૦૬-૧૧-૨૦૧૫ | ૨૯૧૮૭ | ૧૨૦૦/- |





# અનુભવ એક માનવસ્પર્શનો

**દર્શના વ્યાસ**

(આ લેખમાળાના લેખિકા છે દર્શના વ્યાસ. દર્શનાનો જન્મ ૧૯૬૧માં ભાવનગરમાં. જાહેર આરોગ્ય ક્ષેત્રે તેમણે ૩૦ વર્ષ કામ કર્યું છે. તેમણે મુખ્યત્વે મધ્ય એશિયામાં અને આફ્રિકા સહિત સોએક દેશોમાં કામ કર્યું છે. તેમાંયે ખાસ તો યુદ્ધગ્રસ્ત દેશોમાં, જેવા કે અફઘાનિસ્તાન, યુગાન્ડા, સુદાન, શ્રીલંકા, તિમોર અને વિયેટનામ. તેમનું છેલ્લું કામ બીલ અને મેલિન્ડા ગેટસ ફાઉન્ડેશનના HIV/AIDS પ્રિવેન્શન પ્રોગ્રામ હેઠળ મહારાષ્ટ્રમાં પ્રોજેક્ટ ડિરેક્ટર તરીકે હતું. તેના ભાગરૂપે તેમણે એઈડ્સ નિયંત્રણ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર અને અન્ય કેટલાક રાજ્યો સાથે કોમર્શિયલ સેક્સ કામદારો, સમલિંગી અને કિન્નર સમુદાયો પર કામ કર્યું છે. યુનોના કેટલાક કાર્યક્રમોમાં તેમણે ચેરપર્સન તરીકે સેવા આપી છે. તેમણે સમાજશાસ્ત્રમાં બી.એ. કર્યું. પછી ૧૯૯૫માં અમેરિકાની નોર્થ કેરોલિના યુનિ.માંથી જાહેર આરોગ્યમાં માસ્ટર્સ થયા અને ૨૦૧૨માં ગૂજરાત વિદ્યાપીઠમાંથી ડોક્ટરેટની પદવી લીધી. તે ૧૨થી વધુ ભાષા બોલી શકે છે. તેઓ જૂડોમાં બ્લેક બેલ્ટ છે. ગયે મહિને પોતાનું અમેરિકાનું ગ્રીન કાર્ડ પાછું આપી સિહોર પાસેના ગામમાં સ્થાયી થયા છે. તેમના પતિ ધૈર્યકાન્ત ચૌહાણ ફોટોગ્રાફર છે. જેમના ફોટોગ્રાફસ આ વર્ષ દરમિયાન અંકોના મુખપૃષ્ઠ પર આવશે.)

અહમદનગરનાં આ નાના પરગણામાં ૧૦ થી ૧૨ Brothels છે, જ્યાં લગભગ ૫૫ જેટલી વારાંગનાઓ (commercial sex workers) પોતાનો દેહવ્યાપાર કરીને આ સભ્ય સમાજમાં જીવી રહી હતી. અહીંયા કામ કરનારી સ્ત્રીઓ ખાસ કરીને પશ્ચિમ બંગાળ, રાજસ્થાન અને મહારાષ્ટ્રના અલગ અલગ જિલ્લાઓમાંથી આર્થિક અને સામાજિક રીતે નબળા, પછાત અને અશિક્ષિત ઘરની છે. મોટાભાગની સ્ત્રીઓ ખૂબ જ નાની ઉંમરથી કાંતો તરછોડી દેવામાં આવી છે, કાં તો ઘરનાં પરિજનોના ત્રાસ અને બળાત્કારનો ભોગ બનેલી અને બળજબરીથી ઉપાડીને દેહ વ્યાપારમાં લાવીને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે આ વ્યવસાયમાં જોડાઈ હોય છે.

મારા કાર્યનાં ભાગરૂપે HIVનાં Prevention પ્રોગ્રામમાં વર્ષમાં લગભગ ૧૦ થી ૧૨ વાર અહમદનગર વારાંગનાઓ સાથે મળવાનું, ચર્ચા કરવાનું, તેમના માટે મેડિકલ કેમ્પનું આયોજન કરવાનું વારંવાર બનતું હતું. તેમનાં લોહીની ચકાસણી માટે પણ પ્રેરિત કરવામાં મારે તેમના સંપર્કમાં આવવાનું થતું હતું.

મંગળવારે બપોરે લગભગ ૨.૩૦ વાગ્યે જ્યારે પહોંચ્યા ત્યારે મોટા ભાગની બહેનો હાજર હતી. આરોગ્યની અને HIV ની અનેક વાતો થઈ. પણ દર વખત જેવો આ વખતે ઉત્સાહ જોવા ન મળ્યો. વાતાવરણ હંમેશની જેમ મોકળું ન હતું. આ બધું કળતા મને સમય ન લાગ્યો. થયું કે તેઓ મૂંઝાય છે તો લાવ મને જ પહેલ કરવા દે.

પૂછ્યું કે આજ બધા ચૂપ કેમ છો? મારે મુલાકાતમાં મોડું થયું તેના કારણે? આ પ્રશ્ન પૂછતાની સાથે જ સુમન, ગૌરી અને પુષ્પાનાં આંખમાંથી આંસુ ખરી પડ્યા. ઊભી થઈ મારી પાસે આવી હાથ પકડીને રડવા લાગી. કહે કે 'બહેન તમે કંઈક કરો. તમે જ મોનાને સમજાવીને ઉગારી શકશો. તમારી વાત મોના અને તેની ''ઘરવાળી'' (Brothel Owner) માનશે. મોનાની માતા પણ માનશે.'

મોના, તેને ૧૫ વર્ષની ઉંમરમાં તેની માતાએ સોનાગાચ્છીમાં પ્રથમવાર વેંચી હતી. પછી તો આ દલદલના વ્યાપારમાં ઘૂસીને તેઓ કલકત્તા, અમલસાડ, પૂના થઈને અહમદનગરમાં દેહવ્યાપાર માટે આવ્યા. ઉંમર લગભગ ૨૯ વર્ષ, એકવડીયો બાંધો, મોટી સુંદર આંખો અને શ્યામલ વર્ણ. આકર્ષક વ્યક્તિત્વ. જ્યારે પણ મળતી ત્યારે એક ઉદાસીનતા જોવા મળતી. મારી સાથે ક્યારેક બંગાળીમાં ગપાટા મારતી. હંમેશા કહેતી કે તેને દેહ વ્યાપારનો વ્યવસાય ગમતો નથી. તેની માતા પ્રત્યે તિરસ્કારની લાગણી ધરાવતી.

હજુ આગળ કાંઈ પણ વિચારું તે પહેલા સુમને કહ્યું કે 'બહેન, મોના ખૂબ જ બિમાર છે, દવા પણ લેતી નથી. અંતિમ ક્ષણોમાં છે.' ખૂબ જ લાચારીથી અને આશાસભર જણાવ્યું કે 'તમે તેના ઘરે જઈને તપાસીને સમજાવશો?'

મને તરત જ પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો કે મોનાને HIV તો છે જ પણ લાગે છે કે તબિયત વધારે વણસી છે કારણ કે ART લેવાનું પણ બંધ કર્યું છે. આ મોનાનો આત્મઘાત નહીં તો વળી શું?

મેં તત્પરતા દાખવીને મારા સાથી ડૉ.ને મારી સાથે આવીને મોનાને તપાસવાનું કહ્યું. પણ આ શું? ડો.ના ચહેરા પર એક અણગમો હતો. જાણે જવાની ઈચ્છા જ ન હોય. કહ્યું કે 'મેડમ અહીંના લેડી ડૉ. જે આપણે નીમ્યાં છે તે તપાસી લેશે. આપણે સાંજની મિટીંગમાં જવાનું છે.' મારા અચંબાનો પાર ન રહ્યો. હું તેમની ઉપરી હોવાનાં કારણે તેઓ મને ના ન પાડી શક્યા. પણ વર્તનથી જરૂર જણાવી દીધું છે તેમની ઈચ્છા નથી. પણ છતાંય સેન્ટરમાંથી મારી સાથે મોનાનાં ઘર તરફ આવવા નીકળ્યાં. મને થયું કે અમારે અમારા સ્ટાફનાં અભિગમ પર કામ કરવાની જરૂર છે.

આમ તો મને મોનાનાં ઘરનો ખ્યાલ હતો. છૂટાછવાયા ૧૦થી ૧૫ માટીનાં ઘરો હતાં. ગામની મોટા ભાગની ગંદકી અહીંયા જોવા મળતી હતી. રસ્તાની પેલે પાર થોડે દૂર પાકા મકાનની વસાહતો અને અહીંયા ગંદકીનો પાર નહીં. વિરોધાભાસ એકદમ નજરે પડે! મોનાનું ઘર સાવ છેવાડે આવેલું હતું. તેના ઘર સુધી પહોંચવા માટે રસ્તામાં માનવમળ, ગાયોનું છાણ અને ઊકરડામાંથી આવતી સખત દુર્ગંધ, સાંકડી શેરી આજુબાજુ નાની ગંદી ગટર અને બે-ત્રણ ખસવાળા કૂતરાં, આ બધું પસાર કરીને પશુઓની ગમાણ કરતા પણ અંધારીયું એક ઢાળીયાવાળું માટીનું જર્જરીત હાલતનું એક મકાન, જે પડુ પડુ થવાની સ્થિતિમાં હતું, ત્યાં પહોંચ્યા. બહાર નાનો ખાટલો જેમાં એક કઠોર ચહેરાવાળી, સુવર્ણના આભૂષણો



ઠઠાડીને સ્ત્રી બેઠી હતી, જે મોનાની ઘર માલિકન હતી. અમને જોતા જ નમસ્તે કર્યા પણ તરત જ કહેવા લાગી કે 'આને અહીંયાથી કાઢો.' અને હુક્કો ગગડાવવા માંડી.

અમે ઘરમાં અંદર દાખલ થયા. સાવ અંધારીયો 8'x8' નો નાનકડો રૂમ, વળગણી પર મેલાં અને દુર્ગંધ મારતાં ત્રણ ચાર કપડાંઓ જાણે સદીઓની ધૂળનો સંગ્રહ કરીને લટકતાં હતાં. ખૂણામાં પાણીનું જૂનું માટલું અને જમીન પર થોડા વેરણછેરણ વાસણો પડેલાં.

આ નાનકડા ઓરડામાં તૂટલાં ખાટલામાં કશું પણ પાથર્યા વગર અર્ધનગ્ન, અર્ધબેભાન અવસ્થામાં મોના કશુંક બબડતી સૂતી હતી. પાસે જમીન પર તેની માતા શૂન્યમસ્ક થઈને કશાજ ભાવ વગર બેઠી હતી. પાછળ જોયું તો ત્રણથી ચાર ગ્રાહકો દારૂ પીધેલી હાલતમાં ત્યાં આવ્યા હતા, જેમાં મોનાનો એક નિયમિત ગ્રાહક પણ હતો. તે ધક્કામુક્કી કરીને મોનાને શારીરિક સંપર્ક માટે બોલાવતો હતો. સ્થિર ઊભા રહેવાની શક્તિ પણ નહોતી. પછી જાણવામાં આવ્યું કે મોનાની આવી હાલતમાં પણ તેના સાથે સુરક્ષા વગર શારીરિક સંબંધ બાંધે છે! છેલ્લા બે દિવસથી મોના પથારીમાંથી ઊભી ન થઈ શકતી હોવાનાં કારણે મળમૂત્ર પણ નીકળી ગયા હતા.

મોનાની આ હાલત જોતા મગજ બહેર મારી ગયું. તમામ તર્કશક્તિ અને વિવેક પણ સ્તબ્ધ થઈ ગયા. મારું હૃદય કંપી ઊઠ્યું. જે મોનાને ત્રણ મહિના અગાઉ જોઈ હતી તે અત્યારે મૃતપ્રાય અવસ્થામાં હાંડમાંસના લોચામાંથી છૂટકારો મેળવવા માટે તરફડીયાં મારતી હતી!

મને બંગાળી ભાષામાં મહાવરો હોવાથી બંગાળીમાં વાત કરવાની શરૂઆત કરી. મોના મારી સામે જોઈ રહી. મોનાની સુંદર આંખોમાં કાળા ડુંગરાઓ દેખાતા હતા. વાત કરવામાં મુશ્કેલી પડતી હતી. ઘરમાં ઊભા રહેવું તો ઠીક પણ વાત કરવા માટે મોઢું ખોલીએ તો મચ્છર ઘૂસી જાય. તેમાં મોનાનાં મળ અને મૂત્રની તીવ્ર દુર્ગંધ, કરોળીયાનાં જાળાંઓ, વાર્તાઓમાં ''નરક'' એવો શબ્દ વાંચ્યો હતો પણ તેનો અનુભવ આજે જ થયો!

મોનાને શ્વાસ લેવાની મુશ્કેલી પડતી હતી. મેં સાથી ડૉ.ને તપાસવા માટે કહ્યું પણ તેમણે અંદર ઘૂસતા જ ચહેરા પર અણગમાનો ભાવ દેખાડ્યો! મને ના ન પાડી શકે તે માટે કમને અડ્યા વગર કહ્યું કે મોના Last stage માં છે. પછી તેઓ હાથ ધોઈને આવું તેમ કહીને બહાર દોડી ગયા. આ બધી બહેનો વચ્ચે હું એક જાતની ભોંઠપ અનુભવવા લાગી.

એક તો મોનાની પરિસ્થિતિનો આઘાત તેમાં સાથીદાર ડૉ. આવું વર્તન, તે પણ વારાંગના સમુદાયની સામે! પછી તરત જ સભાન થઈ બંગાળીમાં પૂછ્યું, ''की होलो?' ત્યારે મોનાએ જવાબ આપવાનાં બદલે મારા હાથે પાણી પીવાની ઈચ્છા દર્શાવી, તે પણ અચકાતા અચકાતા. મોટી ઊંડી ઊતરેલી આંખોમાં એક પ્રકારની વિનંતી સાથેનો આગ્રહ હતો.

પાણીનો ગ્લાસ આવ્યો. મેં મોનાને બાજુમાં બેસીને બેઠી કરવાનો પ્રયત્ન કર્યો. અત્યાર સુધી તેની જે સાથીદાર બહેનો ભયનાં કારણે દૂર ઊભી હતી તેઓ મારી આ પ્રતિક્રિયાથી થોડી આગળ આવી. મોનાનાં ગળે એક ઘૂંટડો માંડ ઊતર્યો પણ ચહેરા પર એક શાંતિ અને તૃપ્તિનો ભાવ જોવા મળ્યો. મોનાને દવા માટે અને દવાખાને જવા માટે સમજાવી.

થોડાક પ્રયત્નો બાદ મારા આગ્રહને વશ થઈ દવાખાનામાં જવા રાજી થઈ. ત્યાં રહેલા બધાને એક હળવાશનો અનુભવ થયો.

થોડીવાર પછી મોનાને મેં ઊભા થતાં કહ્યું કે હું કાલે આવીશ. પણ અચાનક જ શરીરમાં રહેલી તમામ શક્તિ એકઠી કરીને મારો હાથ પકડી રાખ્યો, ''તમે જાવ મા!' આક્રંદ કરવા લાગી. બોલી કે 'મારા કર્મનાં કારણે મને આ બિમારી લાગી છે, મારું મૃત્યુ નક્કી છે, ભલે તમે મને દવાખાનામાં લઈ જાઓ.' બધાનાં ચહેરા પર ભય અને સ્મશાનવત્ શાંતિ.

બધાને ખબર હતી કે મોનાનું મૃત્યુ નક્કી છે. તેમનાં ચહેરા પર AIDS ની બિમારીનો ભય સ્પષ્ટ દેખાતો હતો.

અચાનક જ મોનાની ઘરવાલીનો કર્કશ, ઘોઘરો અવાજ મારા કાને પડ્યો. મોટેથી મને કહે કે 'બહેન આને અહીંયાથી ઘરની બહાર દવાખાનામાં અથવા ગમે ત્યાં લઈ જવાની જવાબદારી તમારી. મને આ ઘર ખાલી જોઈએ. જેનાથી મારો ધંધો હું ફરીથી શરૂ થાય, ખોટની પૂરતી થાય!'

ત્યાં રહેલી વારંગના બહેનોના ચહેરા પર અણગમો અને ગુસ્સાનાં ભાવ જોયા, પણ બધા જ અવાક, લાચાર અને નિઃસહાય દશામાં ધીરે ધીરે બહાર જવા લાગ્યા. ઘરવાળીએ વધારે ઉમેર્યું કે 'મોનાની માતા અને નાની ૧૩ વર્ષની બહેન આ ઘરમાં રહી શકે છે. કારણ કે તે ધંધામાં બેસવા માટે લાયક છે. અને છેલ્લા મહિનામાં મોનાની બિમારીથી જે નુકસાન થયું તેની ભરપાઈ થવામાં લાગશે.'

ઝારખંડની વારાંગના આમાં વચ્ચે મોટેથી બોલીને લડવા લાગી, ''અબતક કમાકે દિયા, અબ સાલીકો નીકાલને કી જલ્દી હૈ''. તેઓ ભૂલી ગયા કે મોનાની આવી અવસ્થામાં આવો દેકારો ન કરાય. પણ તેઓ વ્યથા અને રોષ ઠાલવી રહ્યા હતા.

પછી બધાને શાંત પાડીને હું ઊભી થવા લાગી તો મોનાએ ફરી કહ્યું કે 'મને છોડીને ન જાઓ.' બધા જ શાંતિથી ધક્કામુક્કી કરતાં ઊભડક બેસી ગયાં. મોનાએ ફરીથી પાણી માંગ્યું. તેની માતાએ ખાટલા પર પ્યાલો મૂકી દીધો. તેને હાથમાં ન આપ્યો. પછી મેં પાણી પાવાના પ્રયત્નો કર્યા પણ વ્યર્થ. એકાદ ઘૂંટડો માંડ ગળે ઊતર્યો હશે.

મોના બાકીની તમામ બહેનો સામે જોઈને થોડી શાંત થઈ. બંગાળીમાં ત્રુટક ત્રુટક બોલવાનાં પ્રયત્નો કર્યા.

કહ્યું કે : 'આ બધા આજે અહીં આવ્યા છે.' ફરી પાછો મારો હાથ કડક રીતે પકડ્યો. 'મારી આ બીમારીનાં કારણે અહીંયા કોઈ પણ મળવા સુધ્ધાં આવતું નથી તો અડકવાની કે ખોરાક કે પાણી આપવાની તો વાત સુધ્ધાં નથી. મારાથી પાણી પણ જાતે પી નથી શકાતું પણ આમાં ઊભેલા એક પણ મને પાણી આપવા નથી આવ્યા. અરે, મારી માતા સુધ્ધાં પણ અઠવાડીયાથી નથી અંદર આવી કે અડકી! મારી પરિસ્થિતિ અછૂત કરતાં પણ બેદ છે. આ બધા, અને સાથે સાથે મારી માતા પણ મારા મૃત્યુની રાહ જોઈ રહી છે. મારી આ ખુદ માતા'. તેમ કહીને એક તિરસ્કારની ભાવનાથી તેણીએ પોતાની માતા સામે જોયું.



'દીદી, એક અઠવાડીયા પછી તમે આવીને મને અડ્યા. બહુ જ સારું લાગે છે. તમે ન જાઓ. મને લાગ્યું કે હું પણ માણસ છું. દીદી, તમે મારો હાથ ન છોડો!'

આ શબ્દો સાંભળતા મારી આંખો પણ નમ થઈ ગઈ. નતમસ્તકે મોનાનો હાથ પકડીને બેસી રહી. મન પર કાબૂ રાખીને મોનાને સમજાવવા લાગી કે મારે જવું પડશે.

અહીંયા મોના પાસે બેઠી ત્યારે માનવસ્પર્શની અનુભૂતિ, લાગણી અને તેની સાર્થકતા કેટલી ગહન છે અને વ્યક્તિની ગરિમા માટે કેટલી મહત્ત્વની છે તે સમજાયું. જે વ્યક્તિને એક અસ્પૃશ્ય વ્યક્તિની જેમ તરછોડવામાં આવી હોય તેને જ સમજમાં આવે આ માનવસ્પર્શનું મૂલ્ય. વિચારવા લાગી કે મોનાના આ અનુભવમાં મારું યોગદાન શું? માત્ર વ્યક્તિગત ધ્યાન અને પોતાપણાની સાથેનું વર્તન અને માનવસ્પર્શ.

'પણ એક જ પ્રાર્થના અને અભિલાષા છે કે તમે આવીને મારો હાથ પકડી રાખજો. મારે એકલા અસ્પૃશ્યની જેમ મરવું નથી. બધાએ મને મારા છેલ્લાં સમયમાં હડધૂત કરી છે પણ મારે મારું મૃત્યુ સુધારવું છે. તમે ન આવી શકો તો મારી આ બહેનોને સમજાવજો કે મૃત્યુમાં મને હાથ પકડીને વિદાય કરે!'

આજુબાજુ રહેલી બહેનોને જરૂરી સૂચના આપીને ઓરડાની સફાઈ કરવા માટે કહ્યું. તેની માતાને મોનાને થોડી સાફ કરવાનું કહ્યું, પણ ખાતરી હતી કે તેની માતા મોનાની સફાઈ તો ઠીક પણ અડકશે પણ નહીં. હવે મારી સમસ્યા એ હતી કે મારો હાથ મોના પાસેથી કેવી રીતે છોડાવવો? પછી મેં કહ્યું કે હું કાલે આવીશ અને જાણે મોના મારા ભાવો સમજી જતાં હાથ છોડીને પ્રણામ કર્યા. મેં કહ્યું, ''દેખા હોલે''. પછી જ્યારે રૂમની બહાર નીકળી ત્યારે પાછા વળીને જોયું તો મોનીની નજર મારા પર જ હતી. વાણીથી નહીં પણ આંખોથી કૃતજ્ઞતા વ્યક્ત કરતી હોય તેમ લાગ્યું.

પછી આરોગ્ય ખાતાવાળા અને જે સંસ્થા થકી અમે કામ કરતા હતા તેમને પણ જાણ કરી. લગભગ ૧ કલાકની મથામણ પછી જાણવામાં આવ્યું કે બીજા દિવસે સવારે દાખલ કરવામાં આવશે. જરૂરી દવાઓ અને તાત્કાલિક સારવાર આપવામાં આવી. ફરી પાછા તેમનાં ઘરે ગયા. દવા વગેરે આપ્યું. હું બીજા દિવસે આવીશ તેવી ખાતરી આપીને ત્યાંથી હોટલ પર જવા રવાના થઈ.

સવાર પડતાં ફોન કરીને ખાત્રી કરી તો જણાવ્યું કે એમ્બ્યુલન્સ ત્યાં જવા માટે અહમદનગરથી નીકળી ચૂકી છે.

બીજે દિવસે સમાચાર મળી ગયા કે મોનાનું મૃત્યુ થઈ ગયું હતું!

પહોંચ્યા ત્યારે આખી વાત વિગતે માંડીને જાણવા મળી કે મોનાનું હોસ્પિટલમાં લગભગ ૧ કલાકમાં મૃત્યુ થયું. મૃતદેહ પાછો તેના ઘરમાં લાવવાની તેની ઘર માલિકન અને માતાએ ના પાડતાં બ્રોથેલની ખુલ્લી જગ્યામાં મુકવામાં આવ્યો. ૧૦ થી બાર વારંગનાઓએ પોતાનાં દેહવિક્રયમાંથી બચાવેલાં પૈસા ભેગા કરીને શબવાહિની બોલાવીને અંતિમ સંસ્કાર કર્યા.

# એક નિરાળા વ્યક્તિત્વનો વિલય

## રમણીક સોમેશ્વર

સતત વહેતા પ્રવાહનો વિલય એટલે એનું વિરાટમાં ઓગળી જવું. અનેક ધારાએ વહેતી સરિતા જેવું શ્રી માવજીભાઈ સાવલાનું જીવન. મારી ડબડબતી આંખે એમના વિશે બે અક્ષર પાડવા બેઠો છું ને મારા શબ્દો કાગળ પર આવે તે પહેલાં જ એ ધારાઓમાં વિલિન થવા લાગે છે. છતાં વહેતા જળમાં રેખાઓ આંકવાનો થોડો પ્રયત્ન કરી જ લઉં.

ભાઈબીજને દિવસે માવજીભાઈને ઘરમાં જ લપસી જતાં ફ્રેક્ચર થયું અને ઓપરેશન કરાવવું પડ્યું. શનિવારે હોસ્પિટલમાંથી રજા મળી.

પંદરમી સવારે દસ વાગ્યે માવજીભાઈ વિદાય લઈ ગયા. મેં કશેક વાંચેલું : 'Let death catch you alive'. - તમે ધબકતા હો ત્યારે જ મૃત્યુ ભલે તમને પકડી પાડે - માવજીભાઈ પણ ધબકતા જીવન સાથે ભેરુબંધની જેમ મૃત્યુનો હાથ ઝાલી ચાલતા થયા. એ જ મસ્તી, એ જ તોર, એ જ અકબંધ મિજાજ સાથે. મને કવિશ્રી હરીન્દ્ર દવેની આ પંક્તિઓ યાદ આવી જાય છે.

મ્હેકમાં મ્હેક મળી જાય તો મૃત્યુ ન કહો.
તેજમાં તેજ ભળી જાય તો મૃત્યુ ન કહો.

દુકાનમાં એમની સિંહાસન જેવી ખુરશી એક રીતે તો જોગીના ધુણા જેવી. દશે દિશાના વાયરા ત્યાં હોંશે હોંશે વાય. ફિલસૂફોથી લઈને ફકીરો કે કલાકારોથી કામદારો- સ્તરેસ્તરના અનેકવિધ લોકોનો ત્યાં આવરો-જાવરો. કશા આયોજન વિના સુનિયોજિત બેઠકો ત્યાં ચાલતી રહે. તીવ્રતમ બૌદ્ધિક ચર્ચાઓથી લઈને જીવનના સારભૂત તત્ત્વોની ખરલ ત્યાં ઘૂંટાતી રહે. માવજીભાઈની એ બેઠક અનેકોનો વિસામો, હૈયું ઠાલવવાનું ઠામ, પ્રેરણાની પરબ … અને ઘણું બધું. એની વધુ વાતો તો એ બેઠકોના કોઈ નિત્યસંગાથી જ કહી શકે.

સતત પ્રવૃત્તિશીલ એવા માવજીભાઈ ભીતરથી ખાસ્સા સ્થિર અને દીપ્તિમંત. જીવન છે એટલે વિપદાઓ તો આવવાની, આવતી રહે. અનેક ઝંઝાવાતો વચ્ચે માવજીભાઈ અડોલ. કોઈ કપરા કાળમાં આપણે એમને આશ્વાસન આપવા ગયા હોઈએ અને આશ્વાસિત થઈને પાછા આવીએ. અડગ ગતિશીલતા અને નિર્મળ હાસ્ય એ એમના વ્યક્તિત્વની આંતરછબિ.

તત્ત્વનું ટૂંપણું નહીં પણ રસબસતું દર્શન એ માવજીભાઈનો મંત્ર. અઘરામાં અઘરા વિષય પર પણ સૌને સમજાય એવું સરળ ભાષામાં લખે. ચિત્રકળા હોય કે ચલચિત્રો, લોકસંગીત હોય કે શાસ્ત્રીય સંગીત અનેકવિધ વિષયોમાં એમની ચેતના રમમાણ. વિશ્વવિખ્યાત દિગ્દર્શક એલિયા કઝાનની વાત પણ ક્યારેક માંડે તો હોમિયોપથી અને બાયોકેમિક ઉપચાર પદ્ધતિના પુસ્તકો પણ આપે. એમને પ્રિય જૂની ફિલ્મોના ગીતો, ભજનો, પદો, સદૈવ એમના હોઠે અને હૈયે રમતા હોય.



કલમ સતત ચાલતી રહે. 'કચ્છમિત્ર', 'પગદંડી', 'ઓળખ' આદિમાં કોલમ, સામયિકોમાં સતત લેખન. 'વિચારવલોણું પરિવાર' સાથે તો વર્ષોનો નાતો. એ બધાના પરિપાકરૂપે નાની નાની પુસ્તિકાઓથી માંડીને અનેક પુસ્તકો પ્રકાશિત થતા રહે. પ્રવાસ, સ્મરણો, પત્રો, સંકલન, સંપાદનના અત્યાર સુધી ૫૦ (પચાસ)થી વધુ પુસ્તકો અને અનુવાદના ૨૫ (પચ્ચીસ)થી વધુ પુસ્તકો પ્રકાશિત થયા હશે. ફંફોસવા બેસીએ તો હજુ ૧૫-૨૦ પુસ્તકો જેટલું સાહિત્ય લખાયેલું સાંપડે.

અધ્યાત્મ એમનો પ્રાણવાયુ. ભારતીય અને પ્રાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી, એ વિશેના પુસ્તકો મળે એ સ્વાભાવિક પણ રશિયન દાર્શનિક ગુર્જિયેફ એમને એવા પ્રિય કે એમના વિશે એમણે ચાર પુસ્તકો આપ્યા. નિસર્ગદત્તજીના દર્શનના નિચોડરૂપ 'આત્મબોધ'ના ચાર ભાગનો એમનો અનુવાદ મહામૂલો. જે. કૃષ્ણમૂર્તિ, ઝેન, તાઓ, સૂફી દર્શનની કેટકેટલી ધારાઓ એમણે જિજ્ઞાસુઓ સમક્ષ ખોલી આપી.

સંવેદનશીલોને ભાવુક કરી મૂકતી છેલ્લે પ્રકાશિત થયેલી એમની કૃતિ 'તું અને હું' એ એમના પત્ની સાકરબેનના મૃત્યુ પછી એમણે આળખેલી દામ્પત્યજીવનની ભાવસભર સ્મરણગાથા. બે હૈયાના અનુરૂપ સાયુજ્યની અનોખીકથા. તા. ૧૫-૧૧-૧૫ની સવારે એ પુસ્તકના શીર્ષકમાંથી 'અને' ને હદપાર કરી, 'તું-હું'ના સાયુજ્યનું અનુસંધાન રચતા તેઓ અનંતમાં વિસ્તરી ગયા. હવે જે 'અન્-અંત' છે તેના 'અંત'ની વાત શી રીતે કરવી!

અલમ્.

(સૌજન્ય : કચ્છમિત્ર)

---



પંદરમી નવેમ્બરની સવારે આપણા પરિવારના માનીતા લેખક મુ. માવજીભાઈ સાવલાનું અવસાન થયું. માવજીભાઈ બહુ પહેલાથી જ અમારા મિત્ર, માર્ગદર્શક અને સ્વસ્થ આલોચક રહ્યા. દર પંદર દિવસે તેમનો ફોન અમારા કોઈક પર અચૂક હોય જ. નવો અંક કે પુસ્તિકા મળે કે તરત જ એમનો પ્રતિભાવ આવી જ જાય. મહદ્ અંશે તે પ્રોત્સાહક જ હોય. નવા વિષયો, પુસ્તકો સૂચવે. તેઓ વિચારવલોણુંના, ખાસ તો સુરેશભાઈ પરીખના પ્રશંસક રહ્યા. તેઓ લગભગ ચાલીસથી વધુ ગુજરાતી સામયિકો મંગાવતા. તેમના અભ્યાસ પરથી એવું હંમેશા કહેતા કે 'વિચારવલોણું' ગુજરાતી સામયિકોમાં અનન્ય છે. તેમણે વિચારવલોણુંને બારેક પુસ્તકો આપ્યાં. છેલ્લું પુસ્તક 'ફિલસૂફીનું વિશ્વ' ગયે મહિને જ પ્રકાશિત થયું. છેલ્લાં થોડાં વર્ષોમાં તેમણે આપણને દર બે વર્ષે એક પુસ્તક આપ્યું. તેમના ઘણાં પુસ્તકોની સતત માંગને કારણે અમે તેમને રીપ્રિન્ટ કરતા રહ્યા છીએ.

આપણને સર્વેને એમની ખોટ સાલશે. તેમના પુત્ર અને પુત્રી સહિતના પરિવારજનોના દુઃખમાં આપણે સર્વે સહભાગી છીએ. **- સંપાદકો**

## 'વિશ્વમાં એક હું છું, એક તું છે, એક સત્ય સ્થિર'

### સોનલ પરીખ

સર્જકની વ્યાખ્યા શી? જેમ જિંદગીને, સત્યને, પ્રેમને, સ્વતંત્રતાને, ઈશ્વરને કોઈ વ્યાખ્યામાં બાંધી ન શકાય તેમ સર્જકને અને સર્જનને પણ કોઈ વ્યાખ્યામાં બાંધી ન શકાય. પણ વ્યાખ્યામાં બાંધવા માટે નહીં, આ ગૂઢ પ્રક્રિયાને સમજવા માટે ઋગ્વેદનું એક સુંદર સૂત્ર છે, 'જે જીવંત છે, તેને તે પ્રગટ કરે છે અને જે મૃત હતું, તેને પુનઃજાગૃત કરે છે.' આ સૂત્રથી શરૂ થાય છે 'મરિતે ચાહિ ના આમિ' પુસ્તકની પ્રસ્તાવના.

પુસ્તકના સર્જક રાજેન્દ્ર પટેલે વીસમી સદીના બે મહાન ભારતીય સર્જકો મહર્ષિ અરવિંદ અને રવીન્દ્રનાથ ટાગોરનાં કાવ્યવિશ્વ સંદર્ભે તેમનાં કાવ્યોનાં આસ્વાદથી રસસ્થાનો બતાવવા તેમ જ તેમના કાવ્યત્વનો તુલનાત્મક અભિગમ દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો છે.

ટાગોરની 'ગીતાંજલિ' અને અરવિંદની 'સાવિત્રી' આ બંને કૃતિઓએ સમગ્ર રાષ્ટ્રની ચેતનાને સ્પંદિત કરી અને વિશ્વપ્રવાહોમાં પણ એક નવી લહેર જગાવી. બંને મહાસર્જકો પોતાને પ્રથમ 'કવિ' ગણતા : 'આમિ કવિમાત્ર'. બંનેની સર્જનયાત્રા છ દાયકાથી વધુ ચાલી છે. બંને ભારતીય કળા, સંસ્કૃતિ અને સાહિત્ય સૌંદર્યના ઊંચા દિગ્ગજ છે. નવજાગૃતિ-રેનેસાંનાં પરિવર્તનકાળનાં ભારતનાં ચૈતન્યને આકાર અને દિશા આપવામાં બંનેનો મહત્ત્વનો ફાળો છે.

ઉત્તમ ઊર્મિકાવ્યો હોવા છતાં બંનેનો માર્ગ જુદો જુદો હતો અને તે છતાં અંતિમ ધ્યેય લગભગ એકસમાન હતું. દષ્ટિકોણ જુદાં હોવા છતાં બંને પ્રેમ, પ્રકૃતિ, પરમતત્ત્વ અને મનુષ્યત્વના એકસરખા ઉપાસકો હતા. સાથે બંનેનાં કાવ્યોનું એકસમાન પાસું આ તત્ત્વોની ગૂઢ રહસ્યમયતા અને તત્ત્વદર્શનનું રહ્યું હતું. રવીન્દ્રનાથનું ભાવવિશ્વ જનસામાન્યને સ્પર્શી શકતું હતું, જ્યારે મહર્ષિ અરવિંદમાં બૌદ્ધિક અને વિચારપ્રધાન તત્ત્વૈષણાનું પ્રાચુર્ય હતું. વિસ્તાર અને ઉચ્ચતા - આ બંને સંદર્ભે મહર્ષિ અરવિંદ અને કવિવર ટાગોર આધુનિક પરંપરાના શિલ્પી, વિશ્વનાગરિકો અને પ્રખર પ્રતિભાશાળી સર્જક-વ્યક્તિત્વો હતા.

મહર્ષિ અરવિંદ લખે છે, 'વિચારના કોઈ સુદૂર વ્યોમમાંથી શબ્દ સ્ફૂરે છે'.

ટાગોર કહે છે, 'કવિતા મારી દીર્ઘકાળની પ્રેયસી છે' લેખક નોંધે છે, 'અરવિંદને મનુષ્યની ઉત્ક્રાંત થતી દિવ્યચેતના અભિપ્રેત છે, જ્યારે રવીન્દ્રનાથ વિશ્વમાનવની ઉચ્ચ સુંદર સંવેદનાને તાગે છે.'

આ બંને સર્જકોએ દીર્ઘકાળપર્યંત લખ્યું છે. એક પ્રકરણમાં લેખક તેમના કાવ્યસર્જનની વિગતો આપે છે. બંનેએ પુષ્કળ લખ્યું છે સાથે ઉચ્ચ પ્રકારની ગુણવત્તા સાધી છે. આ સૃષ્ટિમાં વિહરવા માટે અને તેનું વર્ણન કરવા માટે લેખકમાં જેમ સજ્જતા જોઈએ તેમ વાચકમાં પણ જોઈએ. સમય પસાર કરવા માટે આવું પુસ્તક વાંચી શકાય નહીં. પણ સમયને સમૃદ્ધ અને અર્થપૂર્ણ બનાવવા માટે મહેનત કરવી ગમતી હોય તો આ પુસ્તક આનંદનો અખૂટ ખજાનો સાબિત થાય.



૧૪ પ્રકરણોમાં મહર્ષિ અરવિંદ અને ટાગોરની કાવ્યવિભાવના, ભાવવિશ્વ, વિષયો, નારીચેતના, કથનાત્મક અને સંવાદકાવ્યો તેમજ અધ્યાત્મ અને કવિતા, મંત્ર કવિતા જેવા મુદ્દા ચર્ચવામાં આવ્યા છે. રાજેન્દ્રભાઈએ પૂરા કૌવતથી અને નિષ્ઠાપૂર્વકના અભ્યાસથી વિષયને ન્યાય આપ્યો છે, સાથે ટાગોર અને અરવિંદમાં રસ ધરાવનારાઓ માટે જેને લાંબા સમય સુધી માણ્યા કરવાનું ગમે તેવો ખજાનો પણ ખોલી આપ્યો છે.

લેખક જણાવે છે તેમ આ બંને સર્જકો પોતપોતાની રીતે ઉત્તમ છે. એવું બને કે ટાગોરની કવિતા આપણને ઝડપથી સ્પર્શે અને અરવિંદની દાર્શનિકતા થોડી દુર્બોધ લાગે. ટાગોરનું કવિત્વ જીવનની, જાતની અવિરત શોધ કરે છે, અરવિંદનું કવિત્વ 'જોવાની' અને પોતે જે 'જોયું છે' તે બતાવવાની શક્તિને આરાધે છે.

વાચક ગભરાયા વિના પુસ્તક-પ્રવેશ કરે તો તેને રસ પડે તેવી વાચનસામગ્રી ચોક્કસ જડે. વિદ્યાર્થીઓ અને વિદ્વાનોને મૂલ્યવાન સંદર્ભો મળે. પરિશિષ્ટોની સામગ્રી ખૂબ ઉપયોગી છે. પુસ્તકના પાને પાને સુંદર પંક્તિઓ, અવતરણો, તેમનાં રસદર્શન મળતા રહે.

બંને સર્જકો જીવનને એની સમગ્રતા સાથે સ્વીકારે છે અને મૃત્યુને પણ મહત્તમ જીવનનો પર્યાય ગણે છે : 'એક ટૂંકી નિદ્રા અને આપણે શાશ્વતતામાં જાગીએ છીએ ..' કવિ જહોન ડનની આ પંક્તિ અને શેક્સપિયરની 'સ્વપ્ને ય ન કલ્પ્યાં હોય, એવાં મુક્ત થયાં છે સત્યો' જેવી પંક્તિઓને પણ ટાંકી લેખક ટાગોર અને અરવિંદની કાવ્યસૃષ્ટિને વૈશ્વિક અને વિશ્વના ભૌતિક પ્રવાહોને પાર કરી જતી બતાવી શકાય છે.

લેખકે નોંધ્યું છે કે પુસ્તક નિમિત્તે હું વિષયમાં ઊંડો ઉતરતો ગયો, પરિશીલનથી પરિષ્કૃત થતો ગયો, પણ 'અંતે ઉપલબ્ધિ તો આ બેય કવિવિભૂતિના શબ્દોથી અને એમની ચેતનાથી થયેલા મારા ભીતરનાં રૂપાંતરો જ છે.' વાચકની પણ અંતે આ જ ઉપલબ્ધિ બની રહે છે. શબ્દોનું સામર્થ્ય કેવું હોય, સર્જકની ચેતના કેવી હોય અને તેનાથી ભાવકના ચિત્તમાં ફેલાતો પ્રકાશ કેવો હોય તે તો અનુભવે તે જ જાણે. એક જ ઉદાહરણ આપું : 'પ્રકાશના કમળની જેમ, આથમતો સૂરજ પોતાની પાંખડીઓ બંધ કરી રહ્યો છે. નવી ભાષામાં, નવી દૃઢ આશાઓ સાથે નવા પ્રભાતના નવીન કિનારા પર તેને ખીલવા દો'. (ટાગોર)

(શીર્ષક પંક્તિ : ટાગોરે અરવિંદ પર લખેલા કાવ્યની પંક્તિ)

('મરિતે ચાહિ ના આમિ' (શ્રી અરવિંદ અને રવીન્દ્રનાથ ટાગોરની કાવ્યસૃષ્ટિ) રાજેન્દ્ર પટેલ, પ્રકાશક : ગૂર્જર પ્રકાશન, ૨૦૦૨, તિલકરાજ, પંચવટી, પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬. પૃષ્ઠ : ૨૦૦ મૂલ્ય રૂ. ૧૦૦.૦૦)

## મંજુબહેનનો વૈજ્ઞાનિક અભિગમ

મંજુબહેનને કોઈ વૈજ્ઞાનિક સમજણ આપે તો તે તરત જ અમલમાં મૂકવાનું શરૂ કરી દે. તે પોતે તો ખરા જ પણ મનોજભાઈ પાસે પણ ધરાર અમલ કરાવે.

કોઈકે કહ્યું કે ઓર્ગેનિક ફુડ સ્વાસ્થ્ય માટે બહુ સારું. તરત જ મંજુબહેનને જ્યાં ઓર્ગેનિક ફૂડનું પાટીયું દેખાય ત્યાંથી જરૂરી, બીનજરૂરી બધી વસ્તુઓ ખરીદી લે. પછી ભલે તે ત્રણ ગણી મોંઘી હોય. મનોજભાઈને એ ના સમજાય કે ઓર્ગેનિક ફૂડ આટલું મોંઘું કેમ હોય? તેમને સમજાવવા પ્રયાસ કરે કે 'તેં કેમ માની લીધું કે તેના કહેવા પ્રમાણે ઓર્ગેનિક જ છે?' ભાવે કે ના ભાવે તો પણ ઓટની, મલ્ટીગ્રેઈનની વાનગીઓ મનોજભાઈને ધરાર ખવરાવ્યે છૂટકો કરે. તેવી જ રીતે કોઈ કહી ગયું કે ફળોની છાલમાં ખૂબ સત્ત્વ હોય. તેને કાઢી ના નખાય. તરત અમલ. ચીકુ, સફરજન વિગેરે છાલ સાથે ખાવા માંડ્યા. મનોજભાઈએ સમજાવ્યા કે હવે આ લોકો ફળોને કેમિકલથી પકવે છે એટલે છાલ તો કાઢવી પડે. આ વાતથી થોડા ગૂંચવાયા. મનોજભાઈએ તે ઉપરાંત સૂચન કર્યું કે કેળા, અનાનસ, નાળીયેર વગેરેની છાલમાં પણ સત્ત્વ તો હશે જ ને? તે શું કામ કાઢી નાખે છે?' આખરે છાલ સાથે ફળો ખાવાના ત્રાસમાંથી મનોજભાઈ મુક્ત થયા.

થોડા વખત પહેલા મંજુબહેનને બ્રહ્મજ્ઞાન લાધ્યું કે દૂધી બહુ સારી. આથી સવારે દૂધીનો રસ, બપોરે દૂધીનું શાક, એની છાલનો સંભારો, દૂધીનો હલવો હોય અને સાંજે દૂધીના થેપલા કે મૂઠિયા શરૂ થઈ ગયા. જેમ કોઈ રાષ્ટ્રને રાષ્ટ્રીય પક્ષી કે પશુ હોય તેમ મનોજભાઈ માટે તેમના ઘરમાં દૂધી થઈ પડી.

મંજુબહેનને એ ટેવ કે રોજ મનોજભાઈને પૂછે કે આજે શું બનાવું? મનોજભાઈ જે કંઈ ફરમાઈશ કરે તેની સામે મંજુબહેનનો જવાબ હોય કે, 'એ તો લેવા જવું પડે. એ તો કાલે જ બનાવેલું. શિયાળામાં એ સારું નહીં' વિ. આખરે મનોજભાઈ હારીને પૂછે કે તો શું બનાવશું? તરત મંજુબેન જવાબ આપે કે 'દૂધી બનાવું?' મનોજભાઈને હા પાડ્યા વગર છૂટકો જ ના હોય. જમવાનું પીરસતી વખતે મંજુબહેન અચૂક બોલે કે 'લો. તમે કહ્યું તે જ બનાવ્યું. હવે એમ ના કહેતા કે હું મને ગમે તે જ બનાવું છું.' કાળક્રમે મનોજભાઈ ફરમાઈશ કરવાની ખો ભૂલી ગયા છે.

**જે સભ્યોનું લવાજમ ડિસેમ્બર-૨૦૧૫માં પૂરું થઈ ગયેલ હશે. તે સભ્યોને ફેબ્રુઆરી ૨૦૧૬થી અંક મળશે નહીં તેની નોંધ લેવી. - વ્યવસ્થાપકશ્રી (૦૭૯-૩૦૧૨૨૭૩૬)**





- શ્રી બુકર ટી. વૉશિંગ્ટનના આત્મકથનનો શ્રી અશોકભાઈ વિદ્વાંસ દ્વારા લિખિત અને વિચારવલોણું દ્વારા પ્રકાશિત ભાવાનુવાદ વાંચ્યો. આવા મહાનતમ વ્યક્તિત્વના જીવન વિષે જાણી આશ્ચર્યચક્તિ તો થઈ જ જવાયું પણ સાથે જ અનેરો આનંદ પણ થયો. ગુલામી અને ગરીબીના સકંજામાં જન્મેલ અને ઉછરેલ બાળક અનેક મુશ્કેલીઓ વેઠીને ઉચ્ચ અભ્યાસ કરી શકે અને બીજા એવા વંચિતો માટે સંસ્થા શરૂ કરી જ્ઞાનગંગા વહાવી શકે તે અદ્ભુત વાત છે.

તમે જેમ લખેલ છે તેમ સૌથી વધુ મહત્ત્વનો છે શ્રી વૉશિંગ્ટનનો માણસની સારપમાં અને તેની ભગીરથ પ્રયત્ન કરવાની શક્તિમાં વિશ્વાસ. શ્વેત-શ્યામ પ્રજા વચ્ચે ઊભું થયેલું વૈમનસ્ય દૂર કરવામાં તેમનો અભિગમ પથદર્શક છે. અનેક શ્વેત લોકોએ તેમને જીવનના દરેક તબક્કે મદદ કરી તે માણસજાતની સંવેદનશીલતાનો નક્કર પુરાવો છે.

સરળ અને પ્રવાહી ભાષામાં થયેલ ભાવાનુવાદ વાચકનો રસ જાળવી રાખે છે. શ્રી વૉશિંગ્ટનના જીવનનો સંઘર્ષ, તેમણે દરેક મુશ્કેલીમાંથી કરેલ માર્ગ અને તેમને દરેક વખત અનેક લોકો તરફથી મળેલી સહાયની વાતો સમગ્ર માનવજાત માટે પ્રેરણાદાયક છે.

બહુ ગમ્યું તે (૧) શ્રી વૉશિંગ્ટન એક થી વધુ વાર કહે છે કે, ''માણસના સ્વભાવમાં કાંઈક એવું છે કે અન્ય માણસમાં જ્યારે કશી આવડત અથવા વિશિષ્ટતા જુએ છે ત્યારે તેની કદર કર્યા વગર રહી નથી શકતો. એ સમયે સામેના માણસની ચામડીનો રંગ ગૌણ બની જાય છે. (૨) ગરીબ વૃદ્ધાનું 'છ ઈંડા'નું દાન. (૩) જનરલ આર્મસ્ટ્રોંગનું વ્યક્તિત્વ. (૪) શિક્ષણમાં શરીરશ્રમનું અંકાયેલું મહત્ત્વ. (૫) આંગળાની જેમ અલગ રહેવું, સામૂહિક વિકાસ માટે પંજાની જેમ ભેગા થવું. (૬) શ્રી વૉશિંગ્ટને વારંવાર કરેલી શ્વેત-શ્યામ પ્રજા વચ્ચે મૈત્રીની હિમયાત.

મારી દૃષ્ટિ જે વધુ સારું બની શકે તે ... (૧) બુકર વૉશિંગ્ટનના પરિચય (પાન નં. ૬)માં વાક્યરચનામાં ભૂલો રહી ગઈ છે. આનું નિવારણ થઈ શક્યું હોત. (૨) ક્યારેક લખાણમાં મોટા ફકરા જોવામાં આવે છે. આને બદલે નાના ફકરામાં લખેલ લખાણ વધુ સચોટ બન્યું હોત. દા.ત. પ્રથમ પ્રકરણનો બીજો ફકરો. આમાં રસોડાનું વર્ણન અને ગુલામીની પ્રથા વિશેની વાત જુદી પાડીને જણાવાય તો વધુ અસરકારક બને.

શ્યામવર્ણની પ્રજાને ઓળખાવનાર શબ્દો બદલાતા રહે છે. 'કાળા', હબસી, નીગ્રો વગેરે શબ્દોનો ઉપયોગ થયેલ છે આને બદલે 'શ્યામવર્ણના' જેવો શબ્દ વધુ યોગ્ય લાગત. લગભગ સૌ વર્ષ પહેલા લખાયેલ આ આત્મકથનના અંત બાદ અત્યારે આ સંસ્થાઓ શું કરી રહી છે અને તેમનો સમય સાથે કઈ રીતે વિકાસ થયો છે તે માહિતી રસપ્રદ બનત.

# આપણી વાત

જો તમે નિયમિત 'વિચારવલોણું' વાંચતા હો, જો તમને એ ગમતું હોય, જો તમને એમ લાગતું હોય કે આ પ્રવૃત્તિ માત્ર પૈસાને કારણે બંધ ના પડવી જોઈએ તો તમે નીચેનાં કામોમાંથી તમને યોગ્ય લાગે તે કરી શકો.

- તમારું ત્રણ કે પાંચ વર્ષનું કે કાયમી લવાજમ સમયસર ભરી દો.
- તમે કમસે કમ બે નવા મિત્રોને તૈયાર કરો જે લવાજમ ભરીને ગ્રાહક બને.
- તમે એવી થોડીક વ્યક્તિઓ કે સંસ્થાઓ પસંદ કરો જેમને તમારા મતે 'આપણું વિચારવલોણું' મળવું જોઈએ. તમે એમનું ત્રણ કે પાંચ વર્ષનું લવાજમ ભેટમાં આપી શકો.
- તમે નાની-મોટી રકમ અમને દાન તરીકે અથવા વ્યાજમુક્ત લોન તરીકે આપો. જેનું વ્યાજ અમે રાખીએ પણ મૂળ રકમ તમારી જ રહે. તમે માગો ત્યારે તે રકમ તમને પાછી મળી જાય.
- સારા-માઠા પ્રસંગે અમારી પુસ્તિકાઓ ખરીદીને ભેટ આપો.
- અમારો કોઈ અંક કે પુસ્તિકાને માટે રૂ. ૧૫,૦૦૦ આપીને સ્પોન્સર કરી શકો.
- તમને ગમેલી અમારી પુસ્તિકાઓને જાતે છાપવાને બદલે અમારી પાસેથી ખરીદો. એ નાની આવક અમને ટકી રહેવાનું બળ આપે છે.

  આશા છે કે આ બાબતો પર વિચાર કરીને આપ ઘટતું કરશો.

  તમારા સૂચનો આવકાર્ય છે.
- **હવે આપણને ઈન્કમટેક્ષમાં રાહત આપવા માટે "80G" સર્ટીફિકેટ આપવાની મંજૂરી મળી ગયેલ છે જે સૌની જાણ સારું.**

**- ટ્રસ્ટીઓ અને સંપાદકો : વિચારવલોણું પરિવાર**

---

આભાર, પરિવારજનો.

* ચંદાબેન વ્યાસ, રાજકોટ ૧૦,૦૦૦/-

**નોંધ :** બી.એડ્., એમ.એડ્., સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે 'વિચારવલોણું'નું લવાજમ એક વર્ષનું રૂ. ૧૫૦/- રહેશે. તેમના ભાગના બાકીના રૂ.૧૦૦/- શ્રી સુરેશભાઈ પરીખ આપશે.



# કાંકરીચાળો

અમેરિકા કે સિંગાપુરના પ્રવાસે જઈ આવેલા કે ત્યાં સ્થાયી થયેલા આપણા સંબંધીઓને પૂછીએ કે ત્યાંની કઈ બાબત તમને સૌથી વધુ ગમી તો કદાચ એકી અવાજે તેઓ ત્યાંના સ્વચ્છતા, નિયમપાલન, ધ્વનિ-વાયુ પ્રદૂષણ રહિત વાતાવરણ વગેરેની જીકર કરશે. ત્યારપછી આવશે રોજિંદા વ્યવહારના કામોની સરળતા અને એમાં ભ્રષ્ટાચારનો અભાવ.

પણ અહીં આશય છે સહેજ વૈચારિક તપાસનો કે આવી સામાજિક શિસ્ત ત્યાંના લોકોએ કેવી રીતે કેળવી હશે? રાતોરાત તો આવું કલ્ચર ઊભું થાય નહિ! પ્રજાના, સમાજના હાડમાં આ બધું ઉતારવા માટે લોકોએ, ત્યાંના નેતાઓએ, સરકારોએ અને પ્રજાએ કેવી મથામણ કરી હશે? આવા ઊંચા ધોરણોનો આગ્રહ કેળવાય અને એ સ્થાયી થઈ પ્રજાકીય રીતભાતનો એક શિરસ્તો બની જાય એ હકીકતના પાયામાં શું હશે? લોકશિક્ષણ, સરકારી અનુશાસન, આ બંને કે બીજું ઘણુંય?

આ બધું જાણવું અહીં ઘર આંગણે આપણા માટે એટલે પ્રસ્તુત બની જાય છે કે આઝાદીને એક આરંભબિંદુ ગણીએ તો છ-સાત દાયકા પછી પણ આ બાબતે આપણે કોઈ સંગીન સુધારો લાવી શક્યા નથી, બલ્કે પરિસ્થિતિ બગડતી ચાલી છે એવું અનુભવાય છે. સ્વચ્છતા અભિયાન અને શૌચાલય કાર્યક્રમો, ક્યારેક ટ્રાફિક સપ્તાહ તો ક્યારેક વિનય સપ્તાહ - આજ શું રોગનો ઈલાજ છે? કે કંઈક વધુ ઠોસ પ્રયત્નો વધુ તાકીદે અને વધુ સખ્તીપૂર્વક સરકારે અને પ્રજાએ આદરવા પડશે? શાળામાં નાગરીકશાસ્ત્ર ભણેલા આપણે સહુ સારા નાગરિક બન્યા હોઈએ એવું તો લાગતું નથી, તો પછી કાયદાકીય સખ્તાઈ વધારવી, નાના નિયમભંગ માટે પણ મોટી અને કઠોર દંડાત્મક જોગવાઈઓ કરવી એ એક ઈલાજ ન હોઈ શકે? ટ્રાફિક સિગ્નલનો ભંગ કરતાં જ હજારનું ચલન ફાટે અને ચાલુ વાહને મોબાઈલ વાપરતા મોબાઈલ અને લાઈસન્સ બંને જપ્ત થઈ જાય એવી અમેરિકન અને સીન્ગાપોરિયન વ્યવસ્થા અહીં પણ આવે તો કેવું?

ટૂંકમાં, એક વાત નક્કી કે નાગરિક તરીકે આપણે ધરાર બેદરકાર અને બેજવાબદાર સાબિત થતા જઈએ છીએ! સમજાવટથી કે શિક્ષણથી આપણે સુધરવું નથી, ભય આપણને લાગતો નથી, 'જૈસે થે'' આપણને કોઠે પડી ગયું છે અને તંત્રને તો મેનેજ કરી શકાય છે. લાગે છે, 'Smart City' તો બનતા બનશે, આપણે 'Smart' નાગરિક તો બની જ ગયા છીએ! સવાલ એ છે કે લોકતંત્ર સાથે જરીકે સુસંગત નહિ એવી આ જોખમી માનસિકતામાં બદલાવ લાવવો તો કેમ કરીને લાવવો? જાગ્યા જ ન હોઈએ તો જાગ્યા ત્યારથી સવાર ગણીને આગળ કેમ વધવું? જગાડશે કોણ, અને કેવી રીતે? આવી મૂંઝવણ એટલે જ કેટલાક NRI મિત્રોને પણ પહોંચાડી છે. સંવાદલેખો તા. ૩૦ જાન્યુ.૨૦૧૬ સુધીમાં મળે તેવી આશા રાખું છું.

**નિરંજન શાહ**

('સ્મૃતિ', કલ્યાણ સોસાયટી, મીઠાખળી, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૪૪૧૬૫૯)